# વાયડામિત્ર

વર્ષ : ૯૬ અંક : ૩ માર્ચ - ૨૦૧૮

કિંમત રૂ ૩૦ (વાર્ષિક)



With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

**Address**

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

માર્ચ - ૨૦૧૮ પ્રત–૧૧૨૬, વર્ષ–૯૬ અંક–૩

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayvaset@gmail.com., Website : www.vayvaset.in

## સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ચીનુભાઈ આર. શાહ | અમદાવાદ | અધ્યક્ષ (emeritus) |
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપ–પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપ–પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

સી, ૪૦૪, અર્જુન એલીગન્સ, એ.ઈ.સી ક્રોસ રોડ, ભગીરથ સોસાયટી સામે,
નારણપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩
ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/–

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાન - પ્રમુખશ્રીનો સંદેશ



વ્હાલા જ્ઞાતિજનો,

પરમ કૃપાળુ પરમાત્મા અને માતાજીની કૃપા જે કહો, મને શ્રી વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાનના પ્રમુખ તરીકે સેવા આપવાની તક મળી, તે મારા માટેની લાગણી કે પ્રેમ કરતાં પણ આદરણીય શ્રી ચીનુભાઈનો મારા પર અખુટ વિશ્વાસ બતાવે છે. આ કાર્ય કરવા તેમના તથા ટ્રસ્ટીગણના મારા પરના વિશ્વાસને પૂરવાર કરવાની પરમ કૃપાળુ વાયડ માતા મને બુધ્ધિ, શક્તિ અને સાચી સમજ આપે એ જ પ્રાર્થના સાતે આખા વાયડ સંસ્થાનને સંપૂર્ણ રીતે જાળવવાના પ્રયત્નો હું કરતો રહીશ. તે માટે મહેનત કરતો રહીશ એવો વિશ્વાસ આપું છું.

આ વાયડ સંસ્થાન એ આપણા વડીલોએ આપણી અને આવનાર પેઢીને આપેલી એક અપ્રતિમ ભેટ છે. તેને સાચવવાની, પેઢી દર પેઢી ઉપર લઈ જવાની અને તેની પ્રગતિ એ આપણી ફરજ જ નહીં પરંતુ જવાબદારી પણ છે. આજે તો આપણી પાસે અનેક સગવડો છે ત્યારે આ કાર્ય એટલું મુશ્કેલ નથી. પણ જરા વિચારો..... વર્ષો પહેલાં જ્યારે આ સંસ્થાન ઉભુ કરવાનો વિચાર આવ્યો હશે – તેનાં ઉત્કર્ષ માટે આપણાં વડીલોએ પ્રયત્નો આદર્યા હશે. ત્યારે તેમની પાસે બહુ જ સિમિત સાધનો હતા. ત્યારે અમદાવાદથી વાયડ જવું એટલે કોઈ પણ જાતના રોડ–રસ્તા તથા વાહનોની સગવડ વગર ખૂબ જ મુશ્કેલ હશે. એ પરિસ્થિતિમાં આ સંસ્થાન ઉભુ કરવું એટલે નેવના પાણી મોભે ચઢાવવા જેવી વાત થઈ. આજે સંસ્થાન પાસે શું નથી ? તેનો વિચાર કરી આપણે આગળ તો વધવાનું જ છે. પણ સાથે – સાથે આ જગ્યાએ આપણે પરમ કૃપાળુ માતાજીના દર્શને આવીએ તે યાદ રાખી – સેવા, સંપ, સગવડતા અને સ્વચ્છતાને યાદ રાખવાના છે. આજે હૃદયથી આપણે અહીં આવી પરમ કૃપાળુ માતાજીના દર્શન – સેવા તો કરીએ જ છીએ. પણ સાથે સાથે અહીં આવવાનો આનંદ મેળવવો હોય તો – સંપ, સહકાર અને અપાયેલી સગવડતાનું પુરેપુરૂ ધ્યાન રાખવું પડશે.

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

આપણે દર વર્ષે પાંચ દિવસ માટે સૌની સાથે રહી આનંદ કરવા એક–બીજાને મળવાં, સેવા પૂજા માટે આવીએ છીએ ત્યારે સૌ પ્રથમ આપણે એક–બીજાને મદદરૂપ થવાનો આનંદ પણ લઈ લેવો જોઈએ.

આપણે પાંચ દિવસ અહીં આવીએ છીએ. આપણાં વડવાઓએ પોતાના વ્હાલા પરિવારની ખૂબ દિર્ધ દ્રષ્ટિ–દરકાર રાખી આપણે સવારથી રાત સુધી જમવા–ચા–નાસ્તાની સંપૂર્ણ સગવડતાનું ધ્યાન રાખ્યુ. આપણે સારી રીતે આરામ કરી શકીએ તે માટે જુદી–જુદી જગ્યાઓ ઉભી કરી – તો આપણી પ્રાથમિક ફરજ એ બને છે કે આપણે સંસ્થાનને મદદરૂપ રહી–આનંદ, પ્રેમ અને સંપથી સાથે રહીએ. પરમ કૃપાળુ માતાજીના પ્રસાદરૂપે મળતાં અનાજનો બગાડ ન કરીએ અને આપણાં આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈને યાદ રાખી સ્વચ્છતાને પ્રાથમિકતા આપીએ અને જો આ ધ્યાન નહીં રાખીએ તો આવનાર પેઢીને આપણે કેવો વારસો આપી જઈશું ? આ પ્રશ્ન લાખ રૂપિયાનો છે.

આ વર્ષ તમારી સગવડતા માટે સંસ્થાનમાં આધુનિક કક્ષાના ટોઈલેટ બ્લોકસ બનાવ્યા છે. એ આપ સૌની સગવડતા માટે છે. બાકી તમે પણ જાણો છો આપણા વડવાઓ પાસે જ્યારે આ સગવડતા નહોતી ત્યારે શું પરિસ્થિતી હતી ? મારી સૌને નમ્ર વિનંતી છે કે તમારી સગવડતા સચવાય તેની સાથે બીજાને પણ તમારા જેવી સગવડતા સાથે સ્વચ્છતા મળે તેનું ધ્યાન તમારે રાખવું જ પડશે. જો તેમ નહીં થાય તો આપણું સંસ્થાન ક્યારેય સ્વચ્છ નહીં જ રહે. આ પાયાની વાતને તમે ભૂલશો નહીં.

બસ આપણે બધા વાયડમાં મળીશું. આનંદ કરીશું– અને છેલ્લે એક અગત્યની વાત જણાવું તો તમે તમારા સૂચનો મને મોકલશો તો તેમાંથી ચોક્કસ આપણે કંઈક નવું કરી શકીશું.

અંતે વાયડ સંસ્થાનની શાનની જવાબદારી તમને સોંપુ છું.

બીજુ આપણે તો સંસ્થાનને અહીં આવીએ ત્યારે જ સાચવીએ છીએ. પણ વાયડના આત્મીય ગ્રામજનો તથા માનાભાઈ મહારાજનો પરિવાર ૩૬૫ દિવસ–૨૪ કલાક માતાજીને–સંસ્થાનને સાચવે છે. ત્યારે આપણી તેમના માટેની ફરજને પણ ભૂલીશું નહીં.

**– રમેન્દ્ર જે. પરીખ**
**પ્રમુખ**

દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

## વંદના

મા આદ્યશક્તિને ભક્તિ વંદના,
નવરાત્રીમાં દિપ વંદના.
અગમશક્તિને સ્તુતિ વંદના,
દૈવીશક્તિને પ્રેમ વંદના.
અપવાસ તણી એ આર્ત વંદના,
ધ્યાન ધરીને આરાધ્ય વંદના.
શ્રી માતાજીને અખંડ વંદના,
નત મસ્તકે હૃદય વંદના.

## અનંતને પામવા જઈએ

ચાલ ખબર બેખર થઈને રહીએ,
દુનિયાને અંદરથી સમજતા થઈએ.
મતલબ બેમતલબને અવગણતા થઈએ,
સંબંધો પ્રેમથી સજાવતા રહીએ.
અસમજણને સમજણમાં ફેરવતા રહીએ,
વૃત્તિને પ્રવૃત્તિમાં ઢાળતા જઈએ.
અસંભવથી સંભવની આશામાં રહીએ,
પરિશ્રમને પ્રસ્વેદથી પલાળતા રહીએ.
વાહ વાહની ચાહને ભૂલતા રહીએ,
નવી દિશાઓને શોધતા રહીએ.
આરંભ કે પ્રારંભથી નવી શરૂઆત કરીએ,
અંતે તો અનંતને પામવા જઈએ.

**– શોભના સુનીલ શાહ**

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

# અમુલ્ય - તો પણ



જેને બાંધવા તમારાં અમુલ્ય વર્ષો ખર્ચો છો
તેને એક રાત માત્રમાં તોડી પાડવામાં આવે
તો પણ બાંધવાનું, રચવાનું ચાલુ રાખો !
પ્રામાણિકતા અને નિખાલસતા તમને ટીકા પાત્ર બનાવે.
તો પણ સદૈવ પ્રામાણિક અને નિખાલસ રહો !
આજે તમે જે ભલું કરો છો તે આવતી કાલે ભૂલાઈ જશે.
તો પણ ભલું કરવામાં પાછી પાની ના કરશો !
લોકો તો અવિવેકી, અન્યાયી અને સ્વાર્થી છે.
તો પણ ભર્યાભાવે તેમને ચાહો !
ઉમદા લોકોને તેમના ઉમદા વિચારો માટે
હલકા વિચારોવાળા હલકા લોકો હણી નાખે છે.
તો પણ ઉમદા વિચારો ના ત્યજશો !
જે નૂતન છે તે નૂતન હોય અથવા પુરાણા વિચારો જ નૂતન સ્વરૂપે હોય.
તો પણ નવીનતા માટે મથતા રહો !
જીવનમાં સિધ્ધિના શિખરો સર કરશો તો જુઠ્ઠા મિત્રો અને દુશ્મન મળશે.
તો પણ સિધ્ધિ હાંસલ કરવાનું ના છોડશો !
તમે સત્કાર્યો કરશો તો પણ લોકો તમારા પર તકસાધુનું દોષારોપણ કરશે.
તો પણ સત્કર્મો તો કરતા જ રહેજો !
તમારામાં જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપશો તોય
દુનિયા તમારા મોઢા પર લાત મારશે.
તો પણ તમારું શ્રેષ્ઠ દુનિયાને આપો !

"જીવનમાં દુ:ખ આવે જ નહિ એ વાત અશક્ય છે. કદીક તો દુ:ખ આવવાનું જ પરંતુ દુ:ખ જો સમજીને સહન કર્યું હશે તો એ કદીયે વ્યર્થ નથી જવાનું. પોતાની ઉપર પડતા તાપને પોતાની ભીતરમાં ખેંચીને વૃક્ષ મજબૂત અને સમૃધ્ધ બને છે."
– જોસેફ મેકવાન

**– સંકલન – દિલીપ શાહ, મુંબઈ**

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# મારુતિ ૮૦૦ની આત્મ કથા



ઉંચીનીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ,
ભરતી પછી ઓટ છે ને ઓટ પછી જુવાળ

હા, આ પંક્તિ સાવ સાચી છે. જીવનમાં સુખ–દુ:ખ આવે, ચાલ્યાં જાય... મને ઓળખી ? નહીં ને ? ક્યાંથી ઓળખો ! મારો અત્યારનો દેખાવ જોઈને મને ઓળખનારાના મોંમાંથી દુ:ખના ઉદ્‌ગાર સરી પડે છે. હું મારુતિ–૮૦૦ ! લોકો 'ફ્રન્ટી' પણ કહેતાં મને વ્હાલથી ! તમને એમ થશે કે આ નિર્જીવ વસ્તુમાં વળી જીવ ક્યાંથી આવ્યો ? વાચા કેમ ફૂટી ? પણ વેદના ભલભલાને વાચા આપી દેતી હોય છે તમે સાંભળશો મારી વેદનાને ? સાચે ? તો સાંભળો.

આજથી લગભગ વીસેક વર્ષ પહેલાં દિલ્હી નજીક નોઈડા સ્થિત મારુતિ સૂઝીકી કંપનીમાં મારો જન્મ વિવિધ યંત્ર પરીક્ષણો પછી કન્ટેઈનર દ્વારા હું આ જ શહેરમાં આવી પહોંચી શો–રૂમ પર જતો ! મારો સફેદ ચમચમતો "ગોર્જિયસ" દેખાવ! આહાહા ! શું દિવસો હતા એ ! શો–રૂમમાં મારી અનેક નાની–મોટી બહેનો સાથે મને "ડિસ્પલે" કરવામાં આવી. અમે બધી જ એક એકથી ચઢિયાતી અમને જોવા માટે અનેક લોકો આવતાં પણ કિંમત સાંભળીને ઘણાં–ખરાં નિરાશ થતાં. ગોરો વર્ણ સર્વકાલીન સુંદર વર્ણ ગણવામાં આવે છે એ બાબત મને પણ લાગૂ પડતી બીજા–બધા જ રંગની ગાડીઓ કરતાં મારી છટા કંઈક અલગ જ હતી.

અને આખરે એ શુભ–દિવસ પણ આવી ગયો તે દિવસે સવારના દસ વાગે શો–રૂમ ખુલતાં વેંત જ એક દંપતી નામે સુહાસ અને શાલિની તેનાં બે નાનાં બાળકોને લઈને આવ્યું. દસ વર્ષનો પ્રાંશુ અને પાંચ વર્ષનો પ્રાંજલ

જાણે નક્કી જ હોય એમ તેઓ મારી પાસે જ આવીને ઉભાં રહી ગયાં. સેલ્સ મેનેજર સાથે મસલત કરી અને મારા પર પસંદગીની મહોર મારી. બાળકોને ફાઈનલી જાણ કરી તો તેઓ તો રીતસરના નાચવા લાગ્યાં. શો–રૂમ તેની કિકિયારીઓથી છલકાઈ ગયો. હું પણ ગદ્‌ગદ થઈ ગઈ.

સેલ્સમેન મને મિકેનિક પાસે ભોંયતળિયે લઈ ગયો જરૂરી, ચેકિંગ–ફ્યુઅલ–

સ્વ. મંગુબા (પાટણ)ના સર્વેને જય શ્રી કૃષ્ણ. – હર્ષદ પરીખ.

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

ઓઈલ વગેરે પતાવીને મને સુહાસને સોંપવામાં આવી. જરૂરી ઔપચારિક વિધિ પૂરી કરીને સુહાસ ડ્રાઈવીંગ સીટ પર ગોઠવાયો અહા ! તેના ચહેરા પર જે અવર્ણનીય આનંદ હતો તે આજેય મને યાદ છે. તેની બાજુમાં આગળ બેસવાની નાનકડી, મીઠી ધમાચકડી પછી બંને બાળકો આગળ અને શાલિની પાછળ ગોઠવાયાં. ઝૂ..મ કરતી અમારી સવારી નીકળી. એન્જિનનો નહીંવત અવાજ, સીટના ફરફરતાં પ્લાસ્ટિક અને નવી ગાડીની ખાસ સુગંધ..... સુહાસ શાલિની માણતાં રહ્યાં. બંને સાતમાં આસમાનમાં વિહરતાં હતા. કારણ કે તેમના મધ્યમવર્ગીય પરિવારમાં આવનારી હું પ્રથમ "ગાડી" હતી. સુહાસે તાણી–મેળીને મારા માટે "વ્યવસ્થા" કરી હતી. એ બિચારો હવે આવનારા મહિનાઓ સુધી હતાઓ ભર્યા કરવાનો ! છતાં પણ ખૂબ ખુશ હતો.

ઘરે પહોંચીને શાલિનીએ મારી નવવધૂ જેવી આગતા–સ્વાગતા કરી. મને ચાંલ્લો કર્યો. ફૂલોને હાર પહેરાવ્યો, આરતી ઉતારી, નાળિયેર વધેર્યું. મારા તો બત્રીસ કોઠે દીવા થઈ ગયા ! પાડોશીઓ મને જોવા દોડી આવ્યાં. પ્રાંશુ–પ્રાંજલ તેના બાળદોસ્તોને બોલાવીને વટ્ટભેર મારાં ગુણગાન ગાવા લાગ્યા. બધાનાં આકર્ષણનું કેન્દ્ર હું હતી. સુહાસે બધાંને મીઠું મોઢું કરાવ્યું. કેટલાંક અહોભાવથી તો કેટલાંક ઈર્ષ્યાંથી મારા પર હાથ ફેરવી રહ્યા હતા. શહેરનાં જાણીતાં ગણેશમંદિરે મને પગે લગાડવામાં આવી મારાં સ્ટિયરીંગ પર માતાજીની ચૂંદડી બાંધીને મને કુશળમંગળને બંધનમાં બાંધવામાં આવી. હનુમાનજીનો દોરો બાંધ્યો... આહાહા... મને મારાં જ ભાગ્યની ઈર્ષ્યાં આવી ગઈ.

બસ, પછી તો મારાં સામાન્ય જીવનની શરૂઆત થઈ ગઈ. સુહાસ મને ઓફિસ લઈ જતો. ક્યારેક પિકનિક તો ક્યારેક સિનેમા, ક્યારેક મંદિરે તો ક્યારેક બજારે ક્યારેક હું માંદાને લઈને હોસ્પિટલે પણ ગઈ છું તો ક્યારેક પ્રસૂતા–નવજાત શિશુને લઈને મહોલ્લામાં પણ પ્રવેશી છું સગાં–સંબંધીઓ, પાડોશીઓ બધાં મારા પર મીઠો હક જતાવતા. હું શેરીમાં ઉભી હોઉં એટલે બધાં ને ધરપત રહેતી સુહાસ મીઠો માણસ ખરો ને !

પણ કહેવાય છે ને કે ( चक्रगरपंक्तिखि गच्छति भाग्यपंक्ति ) દુ:ખની જેમ સુખ પણ કાયમ રહેતું નથી. તેની પ્રતીતિ મને પણ થઈ જ ગઈ.

એક દિવસ મારી સાથે એક અણઘડ કિશોરની બાઈક ટકરાઈ. તેનાથી મારી

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

ડાબી આંખ જેવી ડાબી ફ્રન્ટલાઈટનો ભૂક્કો થયો. મને દુરસ્ત તો કરાઈ પણ મન મોતી અને કાચની જેમ વાહન પણ એકવાર ભાંગે પછી પૂર્વવત્ ન જ થાય ! મારી પણ ડાબી બાજુને ખાસ્સી જફા પહોંચી હતી. ધીમે ધીમે ડાબી લાઈટમાં રજકણ ભરાવા લાગ્યા. વળી, આજકાલ કરતાં મને સુહાસ પાસે આવ્યે પણ આઠ વર્ષનાં વહાણાં વાઈ ગયાં હતાં.

ઘણીવાર મારામાં "ઓવરલોડ" સાવરે પણ થતી. પણ હું ચૂપતાપ સહન કર્યે જતી. પાંચ જણની ક્ષમતા સામે આઠ–નવ જણને ઠૂંસવામાં આવતાં પરિણામે મારાં જમ્પર પર આડ અસર પડતી. ધીમે ધીમે મારી ઝડપ દેખાવ, એન્જિનની ક્ષમતા પર અસર દેખાવા લાગી. માઈલેજ ઘટવા લાગ્યું લગભગ દર મિહિને મિકેનિકનું મોં જોવું પડતું. હું હવે હાંફવા લાગી હતી. પ્રાંશુ હવે નવયુવાન લોહી હતો. તે સુહાસને કહેતો, પપ્પા નવા મોડેલ જોઈ પણ રાખ્યાં છે. મને આ સાંભળીને ખૂબ દુઃખ થતું. પરંતુ શું થાય ? માનવી આદિકાળથી પોતાનાં સુખ–સગવડ જોતો આવ્યો છે. જીવતાં–પ્રેમાળ માતા–પિતાને પણ જરૂર પડ્યે વૃદ્ધાશ્રમમાં ધકેલી દે છે. તો હું તો લોખંડનો બનેલો નિર્જીવ માંચડો હતી !! વળી, એન્જિનમાં નાનાં–મોટાં ખોટીપા, લાઈટમાં બાઝેલા રજકણો, જૂનાં ટાયરો બોડી પર પડેલા નાના–મોટા ગોબા, બોનેટ પર સૂર્યનારાણે છોડેલા નિશાન બધું મળીને મને "આઉટ–ઓફ–ડેટ" જાહેર કરતું હતું. નવી ગાડી સડસડાટ નીકળી જતી ત્યારે હું ડચકાં ખાતી.

કોઈ સમય હતો જ્યારે મારાં રોશની ભર્યાં નેત્રો ગમે તેવા અંધકારને સાત સૂરજના અજવાળાંથી ચીરી નાંખતાં એય હવે ઝાંખા થઈ ગયાં હતા. હું વારંવાર નાના–મોટા ખર્ચા ખાતી હતી. ગલીનાં બાળકો મને 'રામપ્યારી'નાં હુલામણાં નામે ઓળખતાં. જો ત્યારે મને વાચા ફૂટી હોત તો હું સુહાસને જરૂર કહેત કે તે મને શેરીના એક અંધારે ખૂણે રહેવા દે પણ વેંચે નહિ બધાં વચ્ચે "વહેંચાયેલી" હું "વેંચાઈ" રહી હતી. લાચાર હતી.

ખેર, એક દિવસ મારો નવો માલિક આવી જ ગયો. તે જથ્થાબંધ બજારમાં એક નાનો વેપારી હતો. માલની હેરફેર માટે જ તેમણે મને ખરીદી હતી. સુહાસનું ઘર છોડતાં મને પિતાનું ઘર છોડતી પુત્રી જેવું–જેટલું દુઃખ થયું. (નિસાસો નાંખીને)

મારા નવા માલિકે માલ ભરવા માટે પાછલી સીટ કઢાવી નાંખી. પછી તો માલના ખડકલા જ ખડકલા. સાચે જ મારો દમ નીકળી જતો. ઘણીવાર તો તે

મદ્યપાન પણ કરતો.

એવી જ હાલતમાં એક રાતે તેણે મને મારી અંતિ ઝડપે ચલાવી, સામેથી આવતા એક ટેમ્પામાં .... ઓહ ભગવાન હજી પણ મને એ ગોઝારી ક્ષણ યાદ આવતાં જ કંપારી છૂટે છે. મારા માલિક અર્ધબેહોશ હતો પણ હું તો પૂરેપૂરી જાગૃત હતી. માટો કાબૂ મારા ચાલકના હાથ–પગમાં હતો. મેં એ ક્ષણમાં પ્રવેશતાં આંખો બંધ કરી દીધી અને ... ધડામ્ !

મારો ચાલક તો તે જ ક્ષણે મૃત્યુ પામ્યો. હું 'ટોટલ લોસ' મારા પૂર્જેપૂર્જા છૂટા થઈ ગયા. વેરણ–છેરણ કાચ સ્ક્રૂ, સીટના લીરા... લોહીના રેલા... મારાં શરીરને કટર વડે કાપીને ચાલકને બહાર કાઢ્યો મને અહીં પુલિસ–સ્ટેશનની હદમાં મૂકવામાં આવી. બાજુમાં જ ઉકરડો ! ધીમે ધીમે મારાં એકમાત્ર ટાયરમાંથી પણ હવા નીકળી ગઈ. બાકીનાં ત્રણ ટાયર તો અકસ્માત સમયે જ મારો સાથ છોડી ગયાં હતાં.

હવે હું મારા અંતિમ સમયની રાહ જોઈ રહી છું. હું ઈચ્છું કે મારા આ તૂંટેલા દેહને ફરીથી ઓગાળવામાં આવે અને હું ફરીથી નવા આકાર–પ્રકારમાં જન્મ લઉં.

જો કે, હવે મને કોઈ અફસોસ નથી. હું ભરપૂર જીવન જીવી છું.

કીધા છે સૂર્યસ્નાન અને સોમપાન પણ
માણી છે ખૂબ મોજ દુ:ખો દરમિયાન પણ
કરતી નહોતી માત્ર દિશાઓ જ સરભરા.
તહેનાતમાં રહેતાં હતાં આસમાન પણ !

મુજબ મેં ઘણીય સોનેરી ક્ષણો માણી છે હું સુહાસ–શાલિનીના પ્રગાઢ પ્રેમની સાક્ષી છું તો બાજુવાળા મનહરની જાડેરી જાનમાં પણ મને જ જોડવામાં આવી હતી. મેં બાળકોને ઠંડીમાં હૂંફ આપી છે તો વરસાદથી અછૂતાં પણ રાખ્યાં છે. સુહાસ–શાલિનીનાં રિસામણાં–મનામણાં પણ જોયાં છે. માંદા જીતુકાકાને મેં દવાખાને પહોંચાડ્યા છે. તો મારો નવો માલિક પોતાના ગંધાતા દારૂડિયા મિત્રોને પણ મારામાંજ ઠૂંસતો. હું ખૂબ જીવી, ખૂબ ! પણ પરિવર્તન જીવનનું નામ છે આજે ભલે માણસો અને પશુઓ મારી આસપાસ ગંદકીમાં વધારો કરે પણ મેં ગજરાની સુગંધ માણી છે, વરમાળાને જાણી છે. તમે તમારા વ્યસ્ત સમયમાંથી મારી પાસે, આ ઉકરડા પાસે ઉભીને સાંભળવા જેટલો સમય કાઢ્યો તે બદલ તમારો ખૂબ ખૂબ આભાર !

**– માધવી મેહુલભાઈ શાહ**

॥ ૐ શ્રી વાયવે નમઃ ॥

# ૮૪ કોર્ષની લીલી પરિક્રમા - ભાગ ૨



**એકવીસમો દિવસ**: સવારે શ્રી મદનમોહનજીમાં મંગળા દર્શન અને આરતી તેમજ શ્રી ગોકુલચંદ્રમાજીમાં શ્રૃંગારના દર્શન નો લાભ મેળવ્યો. આજ રોજ કામવન મહાજન મંડળ તરફથી સકલ સંઘને માલપુઆ અને દુધપાકનો પ્રસાદ લેવડાવવામાં આવ્યો. સાંજે શ્રી ગોકુલચંદ્રમાજીમાં શયનનો મનોરથનો લાભ પણ મેળવ્યો. રાત્રે પ્રસાદી લીધા બાદ મૂશળધાર વરસાદ થતાં એક પછી એક ટેન્ટ પડવા લાગ્યા. અમારા પાલની સામે આવેલ શોપિંગ સેન્ટરની દુકાનો ખોલાવી રાત્રે જ ચોબા / ઠેકેદારના માણસો દ્વારા દરેક યાત્રીઓને હાથ પકડીને સાવચેતીથી કિચડમાં થઈ ત્યાં પહોંચાડવામાં આવ્યા.

**બાવીસમો દિવસ** : ઘાટા(કામવન)થી યાત્રા બરસાના જવા શરૂ થઈ સૌપ્રથમ કર્ણકુંડ કનવારા ગામ આવ્યું. તે પછી પનીહારી કુંડ, ઝૂલાનો ઠોર સુનહરાની કદમ ખંડો, કૃષ્ણ કુંડ, અષ્ટ સખાનો ચબૂતરો, કાકા વલ્લભની બેઠક, ચિત્ર વિચિત્ર શિલા (રંગીલી શિલા), છપ્પન કટોરા, દેહકુંડ, દેહબિહારીના દર્શન, ઉંચા ગામે શ્રી લલિત બિહારીના દર્શન, દાઉજીના દર્શન, ગેંદોખર કુંડથી બરસાના પહોંચ્યા. સાંજે શ્રી ગોવર્ધનનાથજીના શ્યામ સગાઈના સુંદર મનોરથના દર્શનનો લાભ મેળવ્યો.

**ત્રેવીસમો દિવસ** : સવારે સૌ પ્રથમ રાધાજીના પિતા વૃષભાનુ અને માતા કિર્તીના દર્શન, અષ્ટસખાના દર્શન, ભાનુહરકુંડ, મહિભાન બિહારીના દર્શન, તિલકકુંડ ચિત્રાસખીના દર્શન, મોરકુંડ, જોગીબેટકા, યોગીની કુંડ, જલવિહારકુંડ, સાક્ષીગોપાલના દર્શન, ગેહરવનમાં કૃષ્ણકુંડ, માનબિહારીનું મંદિર, શ્રી મહાપ્રભુજીની બેઠક, મોરકુટીર, દાનઘડ, દાનબિહારીના દર્શન, જયપુરવાળા મહારાજાનું મંદિર કૌશલબિહારી ભગવાનના દર્શન, રાધા રાણીનો મહેલ, લલિતા વિશાખા સખીઓ સાથે શ્રી રાધાજીના દર્શન, કામધેનું ગાયના આંચળ, દાદા મહીવાનજી અને દાદી સુભદ્રાના દર્શન કરી પાલ ઉપર પરત ફર્યા. સાંજે શ્રીકૃષ્ણ અને રાધાજીના લગ્ન

મનોરથના વરઘોડામાં સામેલ થવાનો લાભ મેળવ્યો.

**ચોવીસમો દિવસ** : સવારે પાલ ઉપરથી નિકળી શ્રીકૃષ્ણ ભગવાને જ્યાં રાધાજીને અંજન આંજ્યું હતું તે જગ્યાએ અંજનશિલા અને અંજનબિહારીના દર્શન, લલિતાકુંડ, કિશોરીકુંડ, વિશાખાની કદમખંડો, અશ્વત્થામાની ઝાડી, કંગનકુંડ, ઝુંડાવટોચની બેઠક, દ્વારકાધીશ મૂલ બિહારીના દર્શન, ધમંડાચારી બાબાના સ્થાન જ્યાં પ્રભુએ રાસલીલા કરી હતી અને રાધાજીને કંગન પહેરાવ્યા હતા તે કંગન કુંડ, કંગનબિહારીના દર્શન અને કંગન ઝૂલાના દર્શન કરી પાલ ઉપર પરત ફર્યા.

**પચ્ચીસમો દિવસ** : સવારે પાલ ઉપરથી નિકળી રીઠૌરા શ્રી મહાપ્રભુજીની બેઠક જવા નિકળ્યા. રસ્તામાં પીળી પોખર ખાતે પ્રેમ સરોવર, પ્રેમબિહારીના દર્શન, રાધા ગોવિન્દજીના દર્શન, ગોસાંઈજીની બેઠકના દર્શન, ચંદ્રાવલી બિહારીના દર્શન, ચંદ્રાવલી કુંડના દર્શન કરી પરત ગયા.

**છવીસમો દિવસ** : બરસાનાથી સંકેતવન ગયા ત્યાં શ્રી મહાપ્રભુજીની બેઠક, કૃષ્ણ કુંડ, ઝુલા અને સંકેત માતાના મંદિર થઈ શ્રી ગુંસાઈજીની બેઠક ગયા, નંદગામ ખાતે નંદબાબાની બેઠક, શ્રીનંદકુંડ, શ્રીનંદનજીની ગૌશાળા, યશોદાકુંડ, હાઉબિલાઉ શીતલામાતા, શીતલકુંડ, શ્રીનરસિંહ ભગવાનનું મંદિર, યશોદા માતાની મટકી, શ્રી માખણચોર મંદિર, શ્રી રાસબિહારી અને શ્રીનંદબાબાનું મંદિર, શ્રી મદનમોહનલાલજી, શ્રીમહાપ્રભુજીની બેઠકે ચરણ સ્પર્શ કરી પાનસરોવર ખાતે શ્રી મહાપ્રભુજીની બેઠકે ચરણ સ્પર્શ કરી પાનસરોવર ખાતે શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુંસાઈજીની બેઠકે દર્શન કરી, પાલન કુંડ, ટેરકદમકુંડ, મોતીકુંડથી પાલ ઉપર પરત ફર્યા.

**સત્યાવીસમો દિવસ** : સવારે પાલ ઉપરથી જાંવ (જાવવટ) ગામે શ્રી રાધાકોન મંદિર, દાઉજીનું મંદિર, બંગડીકુંડ, શ્રીરાધાવ્રજ કિશોરીનું મંદિર, કોકીલાવનખાતે કૃષ્ણકુંડ, શ્રી મહાપ્રભુજીની બેઠક, શનિદેવનું મંદિર, શ્રી વ્રજબિહારીનું મંદિર, નવગ્રહોના મંદિર દર્શન કરી પાંડવ ગંગા, પાંડવ ગુફા, પાંડવ કુંડ, બડીબેઠને દાઉજીનું મંદિર છોટીબેઠને સાક્ષી ગોપલજીનું મંદિર, કૃષ્ણકુંડથી કોટવન ખાતે શ્રી મહાપ્રભુજીની બેઠક / શ્રીગુંસાઈજીની બેઠક, શ્રીનાથજીની જલઘડાની બેઠક, શીતલકુંડ થી ચમેલીવનમાં શ્રી હનુમાનજીનું મંદિર, શેષ સાંઈ જ્યાં શ્રી લક્ષ્મીનારાયણનું સુંદર મંદિર છે. શ્રી રાધાકૃષ્ણના મંદિર દર્શન કરી પરત ફર્યા.

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

**અઠ્યાવીસમો દિવસ** : નંદબાવા અને રાધાકૃષ્ણના મંદિર દર્શન કરી પૈગાંવ ખાતે રાધાગિરધારી ચતુર્ભુજ નારાયણનું મંદિર, દાઉજીનું મંદિર, ગોપાલકુંડ, બલભદ્ર કુંડના દર્શન કરી ખેલનવન ખાતે ખેલનવન બિહારીના દર્શન કરી પરત ફર્યા.

**ઓગણત્રીસમો દિવસ** : સવારે શેરગઢ ગયા ત્યાં શ્રી મદનમોહનજી, શ્રીદાઉજીમહારાજ, શ્રીધર્મરાજનું મંદિર, શ્રી યમુનાજી, શ્રી ગોપીનાથજી, શ્રી રાધાવલ્લભ, શ્રી બલભદ્ર કુંડ, શ્રી દાઉજીના મંદિર દર્શન કરી પરત ફર્યા.

**ત્રીસમો દિવસ** : સવારે પાલ ઉપરથી ચિરઘાટ જવા રવાના થયા. ચિરઘાટ જવાનો મોટાભાગનો રસ્તો શ્રી યમુનાના કિનારે છે. રસ્તામાં દાઉજી મહારાજના મંદિરે થઈ, રામઘાટ (જ્યાં શ્રી યમુનાજીએ દાઉજીને રાસ રમવાની ના પાડતા, ગુસ્સે થઈ દાઉજીએ પોતાના હળથી શ્રી યમુનાજીનો પ્રવાહ પલટાવ્યો છે), નિકુંજ બિહારીના દર્શન કરી, બિહરવન ગૌશાળા (જ્યાં ૬૦૦ ગાયોની સંભાળ થાય છે), જલવિહાર કુંડ, અક્ષયવટ ખાતે રામસીતા, લક્ષ્મણ, રાધાકૃષ્ણના દર્શન, ગુંજનવન ખાતે રાધાગુંજન બિહારીનું મંદિર, શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુંસાઈજીની બેઠકથી કાત્યાયની માતાના દર્શન કરી પાલ ઉપર પહોચ્યા.

**એકત્રીસમો દિવસ** : શેરગઢથી બચ્છલન જવા રવાના થયા, રસ્તામાં ગાંગરોળી ગામે શ્રી બચ્છવન બિહારીના ચતુર્ભજ સ્વરૂપના દર્શન કરી, શ્રી ગર્ગાચાર્યજીની બેઠક (જ્યાં શ્રીકૃષ્ણનું નામકરણ થયું હતું), ગર્ગાચાર્ય કુંડ થઈ ભૈગામ ખાતે, નંદબાબાનું મંદિર, નંદઘાટ થઈ, વરાઈ બુઝુર્ગ ખાતે સાક્ષી ગોપાલ, ગોપાલકુંડ થઈ, બચ્છવન ખાતે, બચ્છવન બિહારી, ચતુર્ભજનાથનું મંદિર, શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુંસાઈપૂજા બેઠક, બ્રહ્મજ્ઞાન વાવડી અને ગામમાં પણ ચતુર્ભજ સ્વરૂપના દર્શન કરી પાલ ઉપર પહોંચ્યા.

**બત્રીસમો દિવસ** : સવારે પાલ ઉપરથી વૃંદાવન જતા રસ્તામાં, છટીકરા ગામ (જ્યાં શ્રીકૃષ્ણની છઠ્ઠી ઉજવાઈ હતી) શ્રી ગરુડ ગોવિંદજીનું મંદિર તથા ગરૂડકુંડના દર્શન, માન સરોવર ખાતે શ્રી મહાપ્રભુજીની બેઠક, શ્રી રાધારાની મંદીર, શ્રી ગોપેશ્વર મહાદેવ, શ્રી માનબિહારીનું મંદીર થઈ બંસીધાર (રપાલ તલાઈ કુંડ) થઈ, ભાંડીરવન (જ્યાં શ્રીકૃષ્ણએ રાધાજીની માંગ ભરી હતી) તે મંદીર,

રમેન્દ્રભાઈ જે. પરીખ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

શ્રીકૃષ્ણનો મુગટ, વેણુંકુપ, દાઉજીનું મંદિર, બ્રહ્માજીએ જયાં રાધાકૃષ્ણના વિવાહ કરાવ્યા હતા તે સ્થળ / મંદિર થઈ બેલવન ખાતે શ્રી ગુંસાઈજીને બેઠકે ચરણસ્પર્શ કરી, ત્યાં ખીચડી અને દહીંના મનોરથનો સમૂહ ભોજનનો પ્રસાદ લીધો. ત્યાંથી ભાટવન ખાતે ગોરા દાઉજીનું મંદિર, શ્રી ગીરીરાજનું મંદિર, શ્રી નરસિંહ ભગવાનનું મંદિર થઈ વૃંદાવન ખાતે પાલ ઉપર પહોંચ્યા. સાંજે પાલની સામે જ આવેલ શ્રી વૈષ્ણવી દેવીના વિશાળ મંદિરે દર્શન કર્યા.

**ત્રેત્રીસમો દિવસ** : વૃંદાવન ખાતે સૌ પ્રથમ શ્રી મદન મોહનજીના મંદિરે દર્શન કરી, શ્રી બાંકે બિહારીના મંદિર, શ્રી ગોપીનાથજીનું મંદિર, શ્રી રાધાવલ્લભનું મંદિર, સેવાકુંજમાં લલિતાકુંડ, સવા મણનો શાલીગ્રામ મીરાબાઈનું મંદિર, નિધિવન (શ્રી બાંકે બિહારીજીનું પ્રાગટ્ય સ્થળ), રાધારાનીનું શ્રૃંગાર ઘર, લલિતકુંડ, રાધારાનીની બંસીચોરી, રાસમંડળ, સ્વામી હરીદાસની સમાધિ, રાસ બિહારીના દર્શન કરી પરત ફર્યા.

**ચોત્રીસમો દિવસ** : વૃંદાવનમાં સવારે બંસીધર ખાતે શ્રી મહાપ્રભુજી બેઠક, શ્રી દામોદર દાસજી, શ્રીગુંસાઈજી, શ્રી ગોકુલનાથજી, શ્રી મદનમોહનલાલજીની બેઠકોએ ચરણસ્પર્શ કરી, બંસીધર બિહારીજીનું (જ્યાં રાધાકૃષ્ણ રાસ રમ્યા હતા), બ્રહ્મકુંડ, શ્રી રંગનાથજીના મંદિરે દર્શન કરી પાલ ઉપર પર ફર્યા.

**પાંત્રીસમો દિવસ** : પાગલ બાબાનો આશ્રમ, અંકુર બિહારી મંદિર, અશોકવન ખાતે ભતરોડ બિહારીનું મંદિર, હુકકાબિહારીનું મંદિર, જયપુરવાળા રાજાનું મંદિર, રટીયડ આશ્રમ અને મોહન બિહારીના મંદિરે દર્શન કર્યાં. સાંજે કાલિદાહ મંદિર (જ્યાં શ્રીકૃષ્ણ ભગવાને કાળી નાગને નાથ્યો હતો.), આશરે ૫૫૦૦ વર્ષ જુનુ કદમનું વૃક્ષ, પ્રેમમંદીર, લોટસ મંદિરથી મુકામ ઉપર પરત ફર્યાં. રાત્રે પાલ ઉપર, શ્રી ગોવર્ધનનાથજીના સાનિધ્યમાં, પરિક્રમામાં સાંજે પણ વૈષ્ણવો પોતાની સેવા લાવેલા તે તમામના પ્રભુ પધરાવી, ૮૪ કેળના થાંભલાનો સુંદર મનોરથનો લાહવો લીધો.

**છત્રીસમો દિવસ** : સવારે કાત્યાયની માતાના દર્શન કરી, લોહવન પહોંચ્યા. લોહવનમાં જ્યાં શ્રીકૃષ્ણ ભગવાને લોહાસુર રાક્ષસનો વધ કર્યો હતો ત્યાં મંદિરે, લોઢાનું દાન આપવાની પ્રથા છે ત્યાં આજે શનિવાર પણ હોવાની લોઢાનું દાન કરી, પૂજા કરી, બાજુમાં જ શનિદેવના મંદિરે પણ દર્શન કરી આજનો શનિવારનો

જે.જે. પરીખ એન્ડ બ્રધર્સ (ફાર્માસ્યુટીકલ ડિસ્ટ્રિબ્યુટર્સ)ના જય શ્રી કૃષ્ણ.

અનોખો લાભ મેળવ્યો. ત્યાં જ કૃષ્ણકુંડ ઉપર ત્યાંના બ્રાહ્મણ પાસે સંકલ્પ કરાવ્યો અને તેઓને યથાશક્તિ દક્ષિણા આપી, ત્યાંથી શ્રીગોપીનાથજી અને શ્રી લક્ષ્મીનારાયણના દર્શન કરી પરત ફર્યા.

**સાડાત્રીસમો દિવસ** : સવારે વહેલા લોહવનથી નીકળી ગોકુળ જતા રસ્તામાં રાવલગામે (શ્રી રાધાજીનું જન્મસ્થળ) રાધાજીના મંદિરે દર્શન કર્યા, ત્યાંજ રાધાજીના ઝુલા, રાધેશ્યામ વૃક્ષ, રાધાજીના સખી ચંદ્રાવલીના મંદીરે દર્શન કરી બંદીગામે આનંદીદેવી અને નંદીદેવીના તથા આનંદકુંડના દર્શન કરી, બળદેવ ગામ ગયા. ત્યાં દાઉજી અને રેવતીજીના દર્શન કરી, શ્રીનાથજીના મંદિરે દર્શન કર્યા બાદ ચિંતાહરણ મહાદેવના દર્શન કરી પરત ફર્યા.

**આડત્રીસમો દિવસ** : સવારે ઠકુરાણી ઘાટ, ગોવિંદ ઘાટ, શ્રી યમુને મહારાણીનું મંદિર, શ્રી ગુંસાઈજી અને શ્રી મહાપ્રભુજીની બેઠક, શ્રી નવનીત પ્રિયાજી, શ્રી બાલાકૃષ્ણનું મંદિર, શ્રી ગીરીરાજજી, શ્રી ગોકુલનાથજી, શ્રી ગુંસાઈ પૂજા પ્રથમ બડી બેઠક, શ્રી ધ્વારકાધીશ મંદીર, શ્રી વલ્લભઘાટ રસખાનની સમાધિ વગેરે જગ્યાએ દંડવત તથા દર્શન કરી, રમણ રેતી ખાતે શ્રી રમણ બિહારીજીનું મંદીર, બ્રહ્માંડ ઘાટ ઉપર શ્રી બ્રહ્માંડ બિહારીજીનું મંદિર, ઉખલ બંધન આશ્રમ થઈ પુરાના ગોકુલ ખાતે નંદભવનના ૮૪ થાંભલા જોઈ પરત ફર્યા. સાંજે શ્રી મહાપ્રભુજી અને ગુંસાઈ પૂજા બડી બેઠકે (આગળના દીવસે આજ્ઞા લઈ) પિતા નવનીતલાલ સી. શ્રોફ અને માતા જશોદાબેન નવનીતલાલ શ્રોફના આત્માની, શ્રી મહાપ્રભુજીના ચરણાંદવિંદમાં શરણાગત થઈ, શાંતિ માટે "માળા પહેરામણી" કરી તેમજ શ્રી યમુનાજીની પણ પુજા અર્ચના કરી પાલ ઉપર પરત આવ્યા.

**ઓગણચાલીસમો દિવસ** : ગોકુળમાં આવેલ તમામ બેઠકો ઉપર થઈ ફરી ચરણ સ્પર્શ કર્યા તેમજ શ્રી યમુનાજીના ફરી એકવાર દર્શન કર્યા. બપોરે શ્રી વલ્લભઘાટ ઉપર "કુંજવારાનો મનોરથ" ના સુંદર દર્શનનું આયોજન થયું હતું. સાંજે શ્રી ધ્વારીકાધીનનું જે જગ્યાએ પ્રાગટ્ય થયું હતું તે કર્નાવલ મુકામે ગયા. ત્યાં શ્રી જગતગુરૂ શ્રી વલ્લભાચાર્યજીનું ગુપ્ત બેઠકના પણ દંડવત કરી, છોલાનો પ્રસાદ ગ્રહણ કરી રાત્રપાલ ઉપર પરત ફર્યા.

**ચાલીમો દિવસ** : સવારે ગોકુળથી મથુરા જવા રવાના થયાં. શ્રી વિશ્રામ ઘાટે પહોંચી અમારા ચોબાશ્રી પાસે, શ્રી યમુનાજીની પૂજા કરી, નૈવેદ્ય ધરાવી યાત્રાનો

નિયમ છોડાવ્યો. ત્યાંથી શ્રી ધ્વારાધીશજીના મંદિરે દર્શન અને આરતી કરી, ધર્મશાળા મુકામે ગયા. સાંજે ફરી શ્રી ધ્વારકાધીશના દર્શન કરી, વિશ્રામઘાટ ઉપર યમુનાજીના આરતીનો અવસર પ્રાપ્ત કર્યો.

**એકતાલીસમો દિવસ :** સવારે શ્રી ધ્વારકાધીશજીના મંદિરે દર્શન કરી, વિશ્રામ ઘાટથી મથુરાની બાહ્ય પંચકોશી પરીક્રમા શરૂ કરી. શ્રી સૂર્યનારાણનું મંદિર, ધ્રુવની ટીલો, સપ્તઋષીનો ટીલો, બલિરામનો ટીલો, વેગેશ્વર મહાદેવ, કંસનો અખાડો, ચિંતાહરણ હનુમાન, શીવતાલ, શીવકુંડ, કાલીમાતા, બલભદ્રકુંડ, દાઉજીનું મંદિર, ભુતેશ્વર મહાદેવ, સત્યનારાયણ ભગવાનનું મંદિર, પાતાળેશ્વર માતાનું મંદિર (માના શક્તિપીઠો પૈકીનું ૧૧મું શક્તિપીઠ જ્યાં માતાજીના વાળ પડ્યા હતા) અને ત્યાંથી શ્રીકૃષ્ણ જન્મભૂમિના દર્શન કરી, વિશ્રામઘાટ જઈ, પંચકોશી પરીક્રમા પૂર્ણ કરી, યમુનાજીના નમન કરી, અમારી ૮૪ કોષીની લીલી પરીક્રમાનો સંકલ્પ પૂર્ણ કર્યો. સાંજે બંગાળી ઘાટ ઉપર, યાત્રાના અંતિમ ભાગરૂપે આયોજીત "છપ્પનભોગ" મનોરથના દર્શન કરી, અમારી આશરે ૬૦૦ કી.મી.ની પગપાળા યાત્રા સુખદરૂપે પૂર્ણ કરી, એક દીવસના આરામ બાદ મથુરાથી વડોદરા આવવા રવાના થયા.

**– કશ્યપ નવનીતલાલ શ્રોફ, ગાર્ગી કશ્યપકુમાર શ્રોફ,વડોદરા**

**પ્રેરક પ્રસંગ**

રવિશંકર મહારાજે આ પ્રસંગ લખ્યો છે. લખે છે કે ભાલ કાંઠાના એક ગામમાં એક ઓડના ત્યાં જવાનું થયેલું તેની પત્ની ખુબ સુશીલ, પવિત્ર અને પ્રેમાળ પણ પગે સાવ અપંગ, મહારાજે પુછ્યું : કેમ બહેન તમારે પગ નથી શું ? તે સ્ત્રી પોતાના પતિ તરફ જોઈને કહે : પુછી જુઓ એમનો, કદી કાં દુઃખ દીધું છે. હું દળું છું, રસોઈ કરું છું, વાસણ માજું છું, બધું કરું છું. પણ હા, પાણી એમને ભરવું પડે છે. ત્યાં એમનો પતિ કહે : મહારાજ પુછી જુઓ એને કે કદી દુઃખ પડવા દીધું છે. મેં એને બધે જાત્રા કરાવી છે. પાલીતાણા ગયો ત્યારે ખભે બેસાડીને ડુંગર ઉપર લઈ ગયેલો અને બધે દર્શન કરાવેલાં. મહારાજ લખે છે : હું તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. મહારાજે પેલા ઓડને પુછ્યું કે લગ્ન પહેલાં આ બાઈ અપંગ છે તેની ખબર હતી ? ઓડ કહે : મને થયું કે આ બીચારીની સેવા કોણ કરશે ? આખી જીંદગી ખરાબ થશે એટલી એની સેવા કરવા મેં તેની સાથે લગ્ને કર્યું.

**– ચંદ્રકાન્ત પી. પરીખ, આણંદ**

# FROM A DOCTOR'S VIEW



## *Natural v/s White sugar*

Indians, and specially Gujaratis, have a sweet tooth.

Now where, would this lead to?

Sugars would include all the foods, with added as well as natural sweetness.

Natural sugars would include dairy and all the fruits – however watery or juicy they maybe.

(Water melon, musk melon, chickoos, bananas, mangoes, oranges, papaya, pineapple, etc.)

And added sugars would mean all the mouthwatering desserts and sweets and puddings and ice creams.

- **Are natural sugars good for health?**

Of course they are. Irrespective of all the calories and sweetness they have, fruits have a nutritive value, which can never be compensated. Fruits, ideally should replace all the sugary and starchy foods. If you want to supplement fruits in your diet, then opt for low calories fruits – the watery ones. (Apples, papaya, pineapple, oranges, grapes, guava, pears and many more to add.)

Fruits do have calories; and calories have to be balanced.

So, choose YOUR fruits intelligently.

- **What can excess sugar in diet do?**

Excess sugar has two effects – short term effect as well as the long term one.

The short term effect would be imbalance in the calorie counts.

1 gram of sugar = 4 kcal

(1 Cal in common use refers to 1 kcal scientifically.)

Increase in calorie intake as opposed to calorie burning, would lead to obesity – weight gain in simple terms.
And, the long term effect would be – DIABETES.

[How excess sugar, when young, can cause diabetes, in old age – would be my next write-up.]

Better to have sugar in limit while young, so as to be able to continue enjoying sweets, however little, even in old age.

- **Is sugar a complete NO for diabetics?**

If, you can control your blood sugar levels, then a bit of sugar here and there wouldn't harm. Though, natural sugars in the form of dairy and fruits would be preferred than refined sugars; since they have something more than just calories – fibers and minerals.

- **Can diabetes kill?**

Yes. Uncontrolled diabetes can. It opens you up to various infections, and with loads of infections in your system, can land you up in coma - diabetic coma. And as known, coma would be a totally unpredictable stage.
So yes, UNCONTROLLED DIABETES CAN KILL.
Need you worry about diabetes? NO.
Need you worry about uncontrolled diabetes? DEFINITELY YES.

- **TAKE HOME MESSAGE :**

Keep refined sugars or white sugar to a minimum. Always prefer fruits over added sugar and flavors. This simple change, if since childhood, can CHANGE YOUR LIFE.
Easy way out? Keep a CHEAT DAY – one day/week OR a frequency you can set for your own body, according to your make and build; when you can have as much as you want and whatever you want.

**- Dr. Foram Amish Parikh, Vadodara**
**For queries and comments,**
**contact: maparikh99@gmail.com**

# "ભિષ્મ પ્રતિજ્ઞા"



આ કોઈ કાલ્પનિક પરિકથા નથી કે વાર્તા નથી, પણ દિકરીના હૃદયમાંથી નિકળેલી પિતા પ્રિયવદન મગનલાલ શાહ (મઢીવાળા–ઝઘડિયા, જિલ્લો : ભરૂચ) ના વહી ગયેલા જીવનની દાસ્તાન છે.

સ્વતંત્રતાની ચળવળ પૂર જોશમાં ચાલી રહી હતી. ગાંધીબાપુના – સરદારના રાહે ચાલી નીકળેલા એક લબરમૂંછીયા યુવાને પોતાના પરિવારની ચિંતા છોડી, દેશ માટે ફના થઈ જવાય તો પણ શું ? કહી સ્વાતંત્ર સંગ્રામમાં ઝૂકાવી દિધું. ગમે તે પરિસ્થિતિ આવશે, ફના થઈ જઈશ, પણ મારા પથ પરથી હટીશ નહી, ડગીશ નહી કે પાછો વળીશ નહીં.

આવી તત્પરતાથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં આગળ વધતા, મારા પિતાજી કહેતા, "સ્વાતંત્ર્ય સંગ્રામમાં હું જોડાયો ત્યારે મેં ગાંધીજીને વચન આપ્યુ હતું, આ લડત – લડતા મારી જાન પણ જશે તો – મારો પરિવાર મારા કાર્યો બદલ – બદલાની કોઈ માંગણી તો નહી જ કરે, પણ કોઈ પુરસ્કાર પણ સ્વીકારશે નહી. આ લડત હું માત્ર મારા દેશની આઝાદી માટે લડી રહ્યો છું."

ચળવળની પરાકાષ્ટા આવી. બ્રિટીશરો ઝુકી ગયા. દેશ આઝાદ થયો. પણ, દેશનું હીર તો ચુસાઈ ગયુ હતું. દેશ લુંટાઈ ગયો હતો. ઉગતા જ ઉદ્યોગોને તોડી નંખાયા હતા. આવા આપણા દેશને હવે પ્રગતિના પંથે અને ઉન્નતિના શિખરે મૂકવાનું કામ માથે હતું અને આ માટે તો જોઈતા હતાં બુધ્ધિશાળી, કર્મનિષ્ઠ, ચુનંદા અને નિસ્વાર્થી યુવાનો. પિતાજીને દેશની ઉન્નતિના કામો માટે મોટા શહેરમાં આવી, કાર્યભાર સંભાળવાનું કહેવામાં આવ્યું. પણ મારા પિતાજીએ પોતાની પારિવારીક ખેતીની સાથે ગામને પ્રગતિના પંથે મૂકવાનું સ્વીકાર્યું.

આમ પિતાજીએ વતનની ઉન્નતિને પ્રાધાન્ય આપ્યું. સાથે–સાથે પોતાના પિતાજી અને ભાઈઓની સાથે રહી ખેતી પર ધ્યાન કેન્દ્રીત કર્યું.

નર્મદા કિનારાની નજીકનું ખૂબ નાનકડું ગામ ઝઘડીયા. તે સમયે ગામમાં પાયાની જરૂરીયાતોને પણ શોધવી પડતી. ગામમાં રસ્તાઓ હતાં જ નહીં. ધૂળીયા માર્ગો પર માંડ દિવસમાં એક–બે વાર બસ દેખાતી. એવા આ ગામમાં દવાખાનું કે હોસ્પિટલનું તો કોઈએ સ્વપ્ન પણ જોયું નહીં હોય.

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

એ વખતે ગામમાં બે – ચાર દુ:ખદ બનાવો બની ગયાં. ગામની એક યુવાન દિકરી બાળકને જન્મ આપતાં જ અવસાન પામી. થોડા જ દિવસોમાં સુવાવડ દરમ્યાન નવજાત બાળકનું મૃત્યુ થયું. ગામમાં સન્નાટો વ્યાપી ગયો. સૌના મોંએ એક જ વાત હતી – આ નવજાત શિશુને “મા” ક્યાંથી લાવી આપીશું? મા ના દૂધ વિના તડપતાં બાળકની વેદના જોઈ જતી ન હતી. થોડા દિવસોમાં બાળક પણ સૂન થઈ ગયું.

રાત્રે ફળીયામાં બેઠેલી વયોવૃધ્ધ સ્ત્રીઓ બેઠી–બેઠી પોતાના હૈયાનો બળાપો બહાર કાઢતી હતી. આપણો દેશ આઝાદ થયો, હવે આપણે પ્રગતિ કરીશું, આપણાં આંગણે સુખનો સૂરજ ઉગશે–આઝાદીના મીઠા ફલો મળશે, પણ આ શું ? કોણ આપી શકશે આ બે દિવસના બાળકને તેની “મા” ક્યાંથી મળશે તેને માનુ દૂધ ? આપણા ગામમાં નથી કોઈ ડોકટર કે નથી એક દવાખાનું? સુખ–શાંતિ–આનંદ અહીં આવશે ક્યાંથી? પણ એની કોને પડી છે? ફળીયાની સ્ત્રીઓની આ હૈયાવરાળ હતી. તેમનાં હ્રદયનું આ દર્દ હતું.

આજ સમયે મારા પિતાજી ત્યાંથી પસાર થઈ રહ્યા હતાં. તેમના કાને આ દર્દભર્યા શબ્દો અથડાયા. તેમનાં પગ થંભી ગયા, તેમનું હ્રદય કકળી ઉઠ્યું, તેઓ હલબલી ગયા.

વિચારી શકશો – તેઓએ શું કર્યુ હશે? આજે પણ જ્યારે હું આ વાત કરૂ છું ત્યારે મારા રૂવાંડાં ઉભા થઈ જાય છે. આંખો છલકાઈ જાય છે. કંઠ ગદ્ગદીત થઈ જાય છે.  તમે જાણશો તો – તમને પણ એ સ્વાતંત્ર સેનાની માટે નાઝ થશે. તમે પણ પોકારી ઉઠશો “કહાં ગયે વો લોગ?”

અંધારી રાત હતી. રાત્રીના ૧૦ વાગી ચૂક્યા હતાં, વયોવૃધ્ધ સ્ત્રીઓની વાતો સાંભળતાંજ, મારા પિતાજીના પગ સ્થિર થઈ ગયા હશે, હાથની મુઠ્ઠીઓ વળાઈ ગઈ હશે, શ્વાસ જોર–જોરથી ચાલતો હશે, હ્રદયના ધબકારા વધી ગયા હશે અસહ્ય તણાવથી શરીર આખુ કાંપી ઉઠ્યું હશે.

પરંતુ પ્રત્યેક પડકારને સસ્મિત આવકારનાર મારા પિતાજીએ તત્ક્ષણ એક પ્રતિજ્ઞા કરી “ભિષ્મ પ્રતિજ્ઞા” કરી. “જ્યાં સુધી મારા આ વતનમાં – ગામમાં સ્ત્રીઓ–બાળકો કે જરૂરીયાતમંદ દર્દીઓને સમયસર સારી સારવાર મળી શકે તેવી એક હોસ્પિટલ નહીં બને ત્યાં સુધી હું ઘંઉ અને ચોખા ખાઈશ નહીં”.

બીજા જ દિવસની સવારથી જ મારા પિતાજીએ ઘંઉ – ચોખા તથા તેની બનાવટોનો ત્યાગ કર્યો. તેઓ માત્ર દાળ – શાક અને જુવાર – બાજરીનો રોટલો

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

જ ખાતા. જરા વિચારી જોજો આપણે આ રીતના ભોજનથી કેટલાં દિવસ ચલાવી શકીએ? પ્રતિજ્ઞા તો લેવાઈ ગઈ, પણ ત્યારે ગામમાં કોઈએ દવાખાનું કે હોસ્પિટલ બનાવવાનો વિચાર પણ નહોતો કર્યો કે નોતું હોસ્પિટલનું એકેય સ્વપ્ન પણ જોયું.

પણ પિતાજીની આ પ્રતિજ્ઞા પછી આખા ગામે તે બાબતે વિચારવા માંડ્યું – પણ આ ક્યાં નાની વાત હતી? હોસ્પિટલ બનાવવા જગ્યા જોઈએ, બાંધવા પૈસા જોઈએ – તે માટે અનુભવસિધ્ધ માણસો જોઈએ અને પછી ? પછી તો હોસ્પિટલને શરૂ કરવા નાની–મોટી અનેક જરૂરીયાતો કતારબંધ ખડી હતી અને ત્યારે સૌને આ સ્વપ્ન દિવા સ્વપ્ન જેવું લાગતું હતું.

થોડાં જ સમયમાં હોસ્પિટલ બનાવવાનો એ વિચાર એક નિર્ધાર બની ગયો અને આખું ગામ તેમાં એકસુત્રે બંધાઈ ગયું. પ્રશ્નો પર પ્રશ્નો આવતા ગયા અને હલ થતાં ગયાં. ગામના એક પ્રતિષ્ઠિત પરીવારનો દિકરો ડોક્ટર હતો તે બોમ્બેમાં રહેતા હતાં. પણ તેઓ પણ તન–મન–ધનથી આ ગામની સેવાયજ્ઞમાં જોડાઈ ગયાં.

છ–સાત વર્ષ તો ક્યાંય વિતી ગયા. સૌના પુરૂષાર્થને પ્રતિજ્ઞાનું બળ મળતું હતું અને એક દિવસ ગામમાં “કસ્તુરબા મેડીકલ એઈડ સોસાયટી”ના નામે એક નાનકડી હોસ્પિટલ ઉભી થઈ–માનો એક અકલ્પ્ય સ્વપ્ન સિધ્ધ થયું.

આપણે સૌ જાણીએ જ છીએ કે આવાં તો કેટલાંય સ્વાતંત્ર્ય સેનાનીઓએ દેશની આઝાદી માટે પોતાની યુવાની દેશના ચરણે ધરી દીધી હશે. ત્યારે એક પ્રશ્ન પુછવાનું મન થાય છે. દેશમાં થતાં કરોડોના–અબજોના કૌભાડોએ આપણી માતૃભૂમિને – ભારતમાતાના શિરે કાલિમા લગાવી દીધી છે. આપણને સૌને એનું દુઃખ છે જ. તો પછી કેમ આ લાખો–કરોડો ભારતવાસીઓ મૂક પ્રેક્ષક બનીને ચૂપ છે? આપણે કેમ તેની સામે પડકાર બનીને ઉભા રહેતા નથી?

દેશની આ મહામૂલી આઝાદીને આબાદી તરફ લઈ જવામાં આપણો પણ કોઈ ફાળો હોવો ન જોઈએ ? આજના ભણેલાં–ગણેલાં બુધ્ધિશાળી વર્ગને મારૂ આહ્‌વાન છે કે તમે જાગૃત થાવ. જ્યાં પોલું દેખાય ત્યાં લોઢું બનીને ઉભા રહો કે કોઈ માઈનો લાલ તમને હલાવવાની પણ હિંમત ન કરે.

ભારતની આબાદીને લલકારનારને તમારી પડકારશક્તિ બતાવો. તમારૂ લોખંડી મનોબળ દેશને આબાદીના શિખરે જરૂરથી પહોંચાડશે. વિશ્વના પ્રગતિશીલ દેશોમાં ભારતને અગ્રેસર બનાવવાં માટે તમે સક્ષમ છો જ – જરૂર છે એક માત્ર પ્રતિબધ્ધતાની.

**– ગીતાબેન રમેન્દ્રભાઈ પરીખ,અમદાવાદ**

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## એક માતાનો સાસરે વળાવતી દીકરીને કરિયાવર રૂપી પત્ર

# "મારી વ્હાલી દીકરી"



આવતીકાલનો દિવસ તારા માટે નવજીવન લઈને આવી રહ્યો છે. તારા જીવનમાં તારી મનગમતી વ્યક્તિનો પ્રવેશ થઈ રહ્યો છે. તું તો તારા નવસ્વપ્નો સાથે એક અલગ ભાવવિશ્વમાં વિહરી રહી છો પણ મારા કાનમાં શરણાઈના મંગલ સૂરો ગુંજાતા આંખો અનાયાસે છલકી રહી છે અને અંતરમાંથી આશિષની અમીધારા સહસ્ત્રધારે વરસી રહી છે. તારા જન્મ સમયથી જ મને ખબર હતી કે તને એકને એક દિવસ તો સાસરે વળાવવાની જ છે, તેમ છતાં છલકતી આંખે તને સાસરે વળાવું એની સાથે તને આ પત્ર રૂપી લગ્નજીવનનું પાથેય આપું છું. સાચું કહું તો દીકરા ક્યારેક જે વાત કહેવા માટે શબ્દોને જીવ્હા સાથે સંતાકૂકડી રમવી પડે છે એ વાત, એ લાગણી આપણે પત્ર દ્વારા સુપેરે આલેખી શકીએ છીએ. જે વાત માટે હૈયાથી હોઠ સુધીનું અંતર કાપવું અઘરું પડી જાય છે એ વાત લાગણી નીતરતાં અક્ષરો દ્વારા ઝડપથી કહેવાઈ જાય છે. આવતીકાલથી તું પારકી બનવા જઈ રહી છો ત્યારે ભીંત ફાડીને ઊગી નીકળતા પીપળાની જેમ મારા ભાવવિશ્વમાં આજે યાદો ઊગી નીકળી છે. એટલે જ આજે તારા વિદાયની વસમી વેળાએ મેં મારા મનની લાગણીઓને તારી સમક્ષ મૂકવા માટે પત્રનો સધિયારો લીધો છે.

બેટા, તારો જન્મ એ મારા માટે પણ બીજા જન્મ સમાન જ તો હતો. તને પામીને જ તો હું પૂર્ણ સ્ત્રીત્વને પામી શકી. તારા જન્મનો પ્રસંગ આજે પણ મારા મન:ચક્ષુ સમક્ષ કેટલીયે યાદોને લઈ આવે છે અને અશ્રુથી ધૂંધળી બનેલી મારી આંખોમાં ચોવીસ વર્ષ પહેલાનું એ દ્રશ્ય તરવરી ઉઠે છે. નવજાત, ગોરી-ગોરી નાનકડી ઢીંગલી, મારા હાડ-માંસમાંથી જ સિંચાયેલ મારો પોતાનો જ અંશ... નવ-નવ મહિનાથી તારા આગમનની કરેલી કલ્પના, તારા પ્રથમ સ્પર્શ સાથે મારા હ્રદયમાં ઉર્મિઓના પ્રચંડ પૂરને છલકાવતી ગઈ અને વીસ વર્ષની મુગ્ધાને 'મમ્મા'નો દરજ્જો આપતી ગઈ.

દીકરા, આશાની ઊજળી કિનાર સાથે હું જે ભાવવિશ્વમાં વિહરી રહી હતી ત્યાં આજે પણ અગણિત દ્રશ્યો ઊર્મિઓના મોજા પર સવાર થઈને યાદો બનીને મારા મનોઆકાશમાં ચમકી રહ્યાં છે. તારા જીવનના કેટકેટલા તબક્કાઓ મેં જોયા

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

છે... જાણ્યાં છે... અનુભવ્યા છે... તને પહેલી વાર સ્તનપાન કરાવતી વખતે તારી નાજુક આંગળીઓ અને તારા ગુલાબી હોઠનો એ પ્રથમ સ્પર્શ, એ રોમાંચ, તારો પહેલો ફૂટેલો દાંત, તારું ભરાયેલું પહેલું ડગલું, તારા મુખેથી બોલાયેલો પહેલો શબ્દ, તારી શાળાનો પ્રથમ દિવસ, તારો બાળકીમાંથી કિશોરી બનવાનો પ્રથમ અનુભવ, તારું વિરાટ હાસ્ય, તારું નાટકિય રૂદન, તારી કાલીઘેલી ભાષા... આજે પણ મારા શ્વાસે શ્વાસમાં જાણે જીવંત બનીને ધડકી રહ્યાં છે.

બેટા, અત્યાર સુધી તું તારા પપ્પાના છત્ર અને મારા પાલવની છાયામાં જ રહેવા ટેવાયેલી હતી. આપણાં ઘરની અંદર તું દરેકે દરેક સભ્યના સ્વભાવ અને ગમા–અણગમાથી પૂર્ણતા પરિચિત હતી. પણ હવે તારે એક અલગ જગ્યાએ અલગ સ્વભાવ, અલગ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓ સાથે રહેવાનું છે, નવા સંબંધો વિકસાવવાના છે. સંબંધો બાંધવા તો બહુ સહેલા હોય છે પણ એને નિભાવવા બહુ જ અઘરા હોય છે. સંબંધોનું સૌંદર્ય જળવાય તો જ ગુલમહોરની જેમ તે જીવનના તાપમાં અંતરને ઠંડક અર્પી શકે છે. અત્યાર સુધી તો તું અમારી સાથે હતી એટલે તેં તારા જીવનમાં ભરેલા દરેકે દરેક ડગલાની હું સાક્ષી રહી હતી પરંતુ હવે તું ત્યાં એકલી હોઈશ એટલે હું તને આટલું તો જરૂર કહીશ કે, હવે પછી તારા જીવનમાં આવનારા તમામે સંબંધોને ઓળખી એનું બરાબર મૂલ્ય સમજી તેને નિભાવતાં જરૂર શીખજે. પછી તે લોહીના સંબંધો હોય, લાગણીના કે મિત્રતાના... બેટા, દરેકે દરેક સંબંધની ગરિમા જાળવતાં જરૂર શીખજે.

બેટા, લગ્ન એટલે બે આત્માઓનું મિલન, લગ્ન એટલે સહજીવનની શરૂઆત. દીકરી તરીકે અત્યાર સુધી તારા ભાગે ફરજ કરતાં હક્કનો વ્હાલભર્યો દાવો વધુ આવ્યો છે. હવે તારે નવજીવનમાં કર્તવ્યનો ભાગ વધુ ભજવવાનો આવે તો તું એ સુપેરે નિભાવીશ એની મને ખાતરી છે. હવે તું અન્યના આંગણાની શોભા બની રહી છો ત્યારે... દીકરા, તારે સંબંધોનું જતન, કાળજી કરવી જ રહી. ઘણી વખત સંવાદના અભાવે પરિવારના સભ્યો વચ્ચે એક ખાઈ સર્જાઈ જતી હોય છે, મૌનમાંથી ગેરસમજણના વાદળો ઘેરાતાં હોય છે. માટે સંવાદિતાની સમજણ કેળવી તારા પરિવારમાં વાતચીતનો વ્યવહાર જાળવજે. બકા, લગ્નથી ફક્ત બે વ્યક્તિ જ નહીં, બે કુટુંબને જોડાયેલા રાખવાની જવાબદારી જો તું સમજી શકે તો તો સોનામાં સુગંધ ભળવા જેવું થાય અને હાં... પિયર અને સાસરાની સરખામણી કર્યા વગર જ તારું સહજીવન ખરાં અર્થમાં સખ્યજીવન બની રહેશે.

મારી લાડલી, મેં અને તારા પપ્પાએ તો ક્યારેય તું દીકરી છો એટલે અમુક વસ્તુ તારાથી થાય ને અમુક ન થાય એવો ભેદભાવ નથી રાખ્યો. હર હમેંશ તને પુત્ર સમોવડી સમજીને તારા સ્વપ્નોને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો છે એટલે

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

અત્યાર સુધીમાં તેં માંગેલું કે ઈચ્છેલું બધું જ તને મળ્યું છે પણ હવે તારા જીવનની ગાડીને અલગ પાટા ઉપર દોડવાનું શરૂ કરવાનું છે. બેટા, કદાચ એવું પણ બની શકે કે, તારા નવજીવનની શરૂઆતમાં તેં તારા મનોમસ્તિષ્કમાં અંકિત કરેલી બધી જ સુખ-સુવિધા કે માન-સન્માન તને ન પણ મળે, પરંતુ... એનાથી હારી જઈને ક્યારેય જીવન નષ્ટ કરવા જેવું ખોટું પગલું ભરવાનો વિચાર સુધ્ધાં ન કરજે. ચડતી પડતી અને કસોટીઓ તો દરેક વ્યક્તિના જીવનમાં આવતી જ રહે છે અને એમાંથી સાંગોપાંગ બહાર નીકળવું એ જ મોટી વાત છે. કોઈ પળે કોઈના અલગ સ્વભાવથી તને ઠેસ લાગે તો મૂંઝાતી નહીં. નાની-નાની બાબતોને મોટું સ્વરૂપ આપવા કરતાં જીવનદ્રષ્ટિ બદલીને જો જે. દીકરી, કોઈ બીજાના જીવનમાં સારી રીતે ગોઠવાઈ જવું એ પણ એક કળા છે. અંતરમાં વહેતું સ્નેહઝરણું ક્યારેય સુકાવું ન જોઈએ. જીવનમાં સફળતા મળે કે નિષ્ફળતા, પતિ-પત્નિ અંતરથી જોડાયેલા રહેવા જોઈએ. જો પતિ-પત્નિના સંબંધો પ્રેમની ઉષ્માથી છલોછલ, ભાવની ભિનાશથી ભરપૂર, વિશ્વાસપૂર્ણ અને સંશયથી પર હોય તો એમના આંગણે સુખના મહાસાગરને હિલોળા લેતાં કોઈ રોકી શકે જ નહીં.

બેટા, એક છેલ્લી વાત... આજ સુધી તું ફક્ત અમારી આદર્શ દીકરી હતી. આવતીકાલથી કોઈની પત્નિ, પુત્રવધુ, ભાભી અને દેરાણી બનીશ ત્યારે તમામે તમામ પાત્રની પાત્રતા તો તું સુપેરે નિભાવીશ જ એનો મને પૂર્ણપણે વિશ્વાસ છે. પરંતુ... જ્યારે નજીકના ભવિશ્યમાં તને એક 'મા' પણ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે દીકરા, 'મા' ની પાત્રતાને યોગ્ય અને આદર્શ ઠરાવવા માટે તારા મનોમસ્તિષ્કમાંથી ભૃણહત્યા જેવા વિકારને તિલાંજલિ અવશ્ય આપી દે જે. આ એક 'મા' નું બીજી 'મા' પાસેથી મંગાયેલું વચન છે એમ સમજજે મારી દીકરી...

અને અંતમાં... બેટા, તું અમારાથી સાત સાગર પાર રહીને પોતાનું નવજીવન શરૂ કરવા જઈ રહી છો ત્યારે ધરપત રાખજે કે, તારા જીવનની દરેક ક્ષણે તારા મમ્મી-પપ્પા તારી સાથે હતાં, છે ને હમેંશા રહેશે. તારા મનપસંદ સાથી સાથેના સહજીવનમાં તારા સૌ અરમાન પૂર્ણ થાય અને અનંતના આર્શિવાદ તારા ઉપર સદા વરસતા રહે, તું હમેંશા ખીલતી રહે, તારો જીવનબાગ મહોરી ઉઠે, તું તારા કુટુંબજીવનમાં સદા લીલીછમ્મ રહે અને તારા શબ્દોમાં કહું તો મેરેજ + મેનેજમેન્ટ = મેરેજમેન્ટની પરીક્ષામાં તું ૧૦૦% ગુણ સાથે ઉત્તીર્ણ થાય એવી શુભકામનાઓ અને અભ્યર્થના સહ.....

તારી મમ્માનું વણ ખૂટ્યું વ્હાલ.....

**– આશા શાહ, અમદાવાદ**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

# A Memorable Event

A Small Country like Vietnam brought a mighty United States to its knees in its war with it. The President of Vietnam was asked by reporters, how could they achieve that marvelous feat ! He replied, "I read the character and deeds of a great king., Who inspired me to try his war tactics against the U. S. forces ..... and the success just followed." When asked, who was that king ? He replied, "shivaji". He further added that, "Had such a king been born in Vietnam, we would have ruled the world." After the death of the said Vietnamese President on his tomb stone was inscribed the name of "Shivaji Maharaj," a maval warrior, who fought the mighty power of mughal king Aurangzeb. Shivaji belonged to the Malva clan of Maharashtra. A few years later, vietnamese lady foreign Minister visited India, She expressed hear desire to visit Red Fort and Mahatma Gandhiji's Samadhi. After that she asked where is Shivaji's Samadhi ? The government officials went into a flutter and replied that "at Raigadh". She expressed her desire to visit the same. On reaching the sand Samadhi at Raigadh, a fort in the hilly terrain of Maharashtra and paying her tributes, she picked up the soil around the samadhi and put it into her brief case. When questioned by reporters, she replied, "This soil is of the braves." On return to Vietnamese, I will mix it with the soil of my county, so that are persons like Shivaji shall be born here.

**- UMAKANT M. CHOKSI**

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# લગ્ન વિષયક

★★★

| | | |
|---|---|---|
| નામ | : | ચિરાયુ સુહાસભાઈ શાહ |
| જ્ઞાતી | : | દશા વાયડા, વૈષ્ણવ વણિક યુવક |
| જન્મ તારીખ | : | ૧૪-૦૪-૧૯૯૧ (૨૭ વર્ષ) |
| જન્મ સમય | : | ૨.૪૫ (રાત્રે) |
| જન્મ સ્થળ | : | અમદાવાદ (શનિ-મંગળ નથી) |
| અભ્યાસ | : | B.Tech (E.C.) ગુજ.ટેકનોલોજીકલ યુનિવર્સીટી M.S. (Electronics), Chalmers University (સ્વીડન) વર્લ્ડની ૩૪માં નંબરની યુનિવર્સીટી |
| ઓક્યુપેશન | : | Senior hardware Engineer Multi National Company, Marlboro, Boston, USA (ગ્રીનકાર્ડ હોલ્ડર) અગાઉ ૩ વર્ષ Norway ની Multinational Company માં Reserch Engineer (Norway નું P. R. હોલ્ડર ) |
| ઉંચાઈ | : | ૫' ૧૧" |
| વજન | : | ૬૫ કિલો. |
| ખાસ પસંદગી | : | USA માં ઉચ્ચ અભ્યાસ કરતી H1 વિઝા ઉપર જોબ કરતી, દેખાવડી, ભારતીય સંસ્કૃતીનાં ગુણો ધરાવતી, યુવતીનાં વાલીઓએ સંપર્ક કરવા નમ્ર વિનંતી છે. અમો જન્માક્ષરમાં માનતા નથી. ઉચ્ચ જ્ઞાતીની કોઈ પણ કન્યા આવકાર્ય છે. |
| સંપર્ક | : | સુહાસ એચ. શાહ<br>૮, શારોન પાર્ક સોસાયટી, શાલીગ્રામ ફ્લેટ પાસે, ઝાંસીની રાણી સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.<br>મો.: ૯૪૨૬૦૫૬૬૮૦ (સુહાસ)<br>મો.: ૮૨૦૦૩૪૪૭૦૩ (નીપા)<br>Email : suhasshahs@hotmail.com<br>chirayu.shah14@gmail.com |

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ, પાટણ

વાયડ ખાતે આપણી જ્ઞાતિની ધર્મશાળાનું રીનોવેશન અને સેનીટેશન વિભાગના નવિનીકરણ સ્વ. પ્રેમલત્તાબેન હસમુખલાલ પરીખ અને શ્રી હસમુખલાલ ચંદુલાલ પરીખ(મુળ વતન પાટણ હાલ અમદાવાદ)ના પુત્રો શ્રી રાજેશભાઈ, શ્રી નૈનેશભાઈ (મુંબઈ) તથા શ્રી શૈલેષભાઈ દ્વારા કરાવી આપેલ છે. તેમનો સન્માન સમારંભ તા. ૨૩-૦૩-૨૦૧૮ને શુક્રવાર ચૈત્ર સુદ-૬ના દિવસે આપણી વાયડની ધર્મશાળામાં બપોરે ૨-૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો જ્ઞાતિના ભાઈ-બહેનોએ હાજર રહેવા વિનંતી.

આ સમારંભ પૂર્ણ થયા બાદ જ્ઞાતિની તથા ઉત્કર્ષ મંડળની સામાન્ય સભાનું આયોજન કરેલ છે. જેમાં લ્હાણેદાર ભાઈઓએ હાજર રહેવા વિનંતી.

ચૈતન્ય આર. પરીખ
મંત્રી

ડૉ. રોહિત જે. શાહ
પ્રમુખ

## શ્રી વાયડ સંસ્થાન, વાયડ (વ્યવસ્થાપક જોઈએ છે)

શ્રી વાયડ સંસ્થાનની હરહંમેશ દેખરેખ માટે તથા આવનાર જ્ઞાતિજનો તથા દર્શનાર્થીઓની સગવડતા માટે વાયડ સંસ્થાનમાં જવાબદારી સાથે રહેવાની ઈચ્છા ધરાવતી વ્યક્તિએ સંપર્ક કરવો.

રહેવાની સગવડ સંસ્થાના સંકુલમાં મળશે તથા યોગ્ય વેતન પણ આપવામાં આવશે.

**- અરવિંદભાઈ પરીખ**
**માનદ્ મંત્રીશ્રી,**
**૯૮૨૪૬૬૭૩૨૩, ૯૧૫૭૭૪૭૮૫૦**

### ભૂલ સુધારણા - ક્ષમા યાચના

ફેબ્રુઆરી અંકમાં શ્રી ગીતાબેન પરીખની કવિતા **આપણા ભરોસે** માં નીચે પ્રમાણે ભૂલ સુધારીને વાંચવું.

સાહર - **સાગર**, ઉલેરાશું - **ઉલેચશું**, દોરસું - **ઘોરસું**

આ સુધારા વેબસાઈટની આવૃત્તિમાં કરી દેવામાં આવેલ છે.

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

# શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ

'વાયડા મિત્ર'નો આ અંક આપને મળશે ત્યારે વાયડ જવાની તૈયારીઓ થઈ ચૂકી હશે.

વર્ષોથી આપણે વાયડ સંઘમાં આવીએ છીએ અને માતાજીના સાનિધ્યમાં પાંચ દિવસ રહીએ છીએ. દર્શન–હોમ–હવનનો લાભ લઈએ છીએ અને આનંદ કરીએ છીએ.

આ પાંચ દિવસ દરમ્યાન દરેક જ્ઞાતિજનને સવાર–બપોર–સાંજ ચા–નાસ્તો તથા જમવાની વ્યવસ્થા વિના મૂલ્યે શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ તરફથી કરવામાં આવેલ છે. આ માટે સ્વ. શ્રી ઈન્દુભાઈ તથા અન્ય વડીલોની દીર્ઘ દૃષ્ટિને દાદ આપવી પડે.

સમય સાથે મોંઘવારી ખૂબ ખૂબ વધતી ગઈ અને છ–સાત વર્ષ પહેલા રસોડા ટ્રસ્ટમાં જ્યારે ખરેખર ફંડની જરૂરિયાત ઊભી થઈ ત્યારે જ્ઞાતિજનોએ પ્રેમથી ભેટ/ફાળો આપી વ્યવસ્થા ચાલુ રહે તેમ કરી દીધું.

હાલમાં પણ મોંઘવારીએ માઝા મુકી છે અને દરેક વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. આપ સૌ જાણો છો કે હાલમાં વ્યાજના દર ઘણા જ ઘટી ગયા છે અને તેથી ટ્રસ્ટ પાસેથી મૂડીના વ્યાજમાંથી જમણવારનો ખર્ચ કાઢવો ખૂબ જ મુશ્કેલ છે.

આ સંજોગોમાં દરેક જ્ઞાતિજનોને સંઘ દરમ્યાન રસોડા ટ્રસ્ટની આ વ્યવસ્થા કાયમી જાળવી રાખવા માટે આપનાથી શક્ય હોય તો ફૂલ નહિ તો ફૂલની પાંખડીની ભેટ / ફાળો આપવા મારી નમ્ર વિનંતી છે. ભેટ માટેની રકમ વાયડ સંસ્થાનની ઓફિસમાં અથવા અમદાવાદની ધર્મશાળામાં સ્વીકારવામાં આવશે.

શ્રી વાયડ રસોડા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની મીટિંગનું વિક્રમ સંવત ૨૦૭૪ના ચૈત્ર સુદ–૬ તા. ૨૩–૩–૧૮ ને શુક્રવારના રોજ બપોરના ૪–૦૦ કલાકે સંસ્થાની ઓફીસમાં વાયડ મુકામે આયોજન કરવામાં આવેલ હોઈ, સર્વે ટ્રસ્ટીઓને ઉપર્યુક્ત મિટિંગમાં હાજર રહેવા નમ્ર વિનંતી છે.

**– રમેન્દ્રભાઈ જે. પરીખ,**
**પ્રમુખ,**
**શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ**

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

# શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ

વિક્રમ સંવત ૨૦૭૪ના ચૈત્ર માસનાં શ્રી વાયડ સંઘ દરમ્યાન દર્શનાર્થે આવનાર સર્વે જ્ઞાતિજનોને બન્ને સમયે પ્રસાદ ગ્રહણ કરવા માટે શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ તરફથી તિથીવાર નિમ્ન દર્શીત સહયોગીઓ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

| તિથિવાર | તારીખ | રકમ રૂા. | મુખ્ય સહયોગી (દાતા) |
|---|---|---|---|
| ચૈત્ર સુદ-૫ ગુરૂવાર | ૨૨-૩-૧૮ | ૧,૦૦,૦૦૦/- | સ્વ. સવિતાબહેન રામલાલ પરીખ હસ્તે : જીતેન્દ્રભાઈ પરીખ, કડી |
| ચૈત્ર સુદ-૬ શુક્રવાર | ૨૩-૩-૧૮ | ૧,૦૦,૦૦૦/- | શ્રી પ્રકાશભાઈ પરીખ, પાટણ (હાલ અમેરિકા) |
| | | ૧,૦૦,૦૦૦/- | સ્વ. જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ.વિદ્યાગૌરી જેઠાલાલ પરીખ હસ્તે : શ્રી રમેન્દ્ર પરીખ |
| | | ૧,૦૦,૦૦૦/- | ડૉ. સંજયભાઈ દેવીદાસભાઈ ગાંધી, ડીસા |
| | | ૧,૦૦,૦૦૦/- | સ્વ. શ્રી શ્યામલાલ નટવરલાલ પરીખ હસ્તે : પરીવારજનો તરફથી |
| | | ૧,૦૦,૦૦૦/- | સ્વ. જીવીબહેન વશનજી શાહ (એડનવાલા) હસ્તે : વશનજી માધવજી શાહ પરીવાર, લંડન |
| | | ૧,૦૦,૦૦૦/- | ગં.સ્વ. જયાબહેન ભગવાનદાસ શાહ હસ્તે : ભગવાનદાસ નારણદાસ શાહ પરીવાર, દિનેશભાઈ સિંગાપુર |
| | | ૧,૦૦,૦૦૦/- | શ્રી કચ્છી વાયડા સમાજના માતાજીના ભક્તો તરફથી, હસ્તે : માતાજીના ભક્તો, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/- | ગં. સ્વ. લીલાવતીબહેન ભોગીલાલ શાહ હસ્તે : ભોગીલાલ ચાંપશી પરીવાર, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/- | ગં. સ્વ. શાંતાબહેન શાંતિલાલ શાહ હસ્તે : શાંતિલાલ મકનજી શાહ પરિવાર, મુંબઈ |

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ - મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

સ્વ. દેવેન્દ્રભાઈ ચંપકલાલ શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

| તિથિવાર | તારીખ | રકમ રૂા. | મુખ્ય સહયોગી (દાતા) |
|---|---|---|---|
| | | ૧,૦૦,૦૦૦/– | સ્વ. મંજુલાબહેન બેચરદાસ શાહ હસ્તે : મથરાદાસ મોતીચંદ શાહ પરીવાર, ભુજ |
| | | ૧,૦૦,૦૦૦/– | શ્રી કચ્છી વાયડા સમાજના માતાજીના ભક્તો તરફથી હસ્તે માતાજીના ભક્તો, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/– | શ્રી જસવંતભાઈ છોટાલાલ શાહ, ઘાટકોપર, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/– | શ્રીમતી માલતીબહેન જસવંતભાઈ શાહ, ઘાટકોપર, મુંબઈ |
| | | ૧,૦૦,૦૦૦/– | ડૉ. સંજયભાઈ દેવીદાસભાઈ ગાંધી |
| | | ૫૦,૦૦૦/– | ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ (કડીવાળા) |
| | | ૫૦,૦૦૦/– | સ્વ. રામદાસ ચુનીલાલ પારેખ હ. ભરતભાઈ પરીખ – અમેરિકા |
| | | ૫૦,૦૦૦/– | તિલોત્તમાબેન પ્રવીણચંદ્ર પરીખ – અમદાવાદ |
| | | ૫૦,૦૦૦/– | પ્રવીણચંદ્ર બાબુલાલ પરીખ – અમદાવાદ |
| ચૈત્ર સુદ–૭ શનિવાર | ૨૪–૩–૧૮ | ૫૦,૦૦૦/– | સ્વ. ઈન્દુમતીબહેન રમણલાલ શાહ કડી હસ્તે : શ્રી ચીનુભાઈ રમણલાલ શાહ, અમદાવાદ |
| ચૈત્ર સુદ–૮ રવિવાર | ૨૫–૩–૧૮ | ૫૦,૦૦૦/– | સ્વ. રમણલાલ કાળીદાસ શાહ, કડી હસ્તે : શ્રી ચીનુભાઈ રમણલાલ શાહ, અમદાવાદ. |
| ચૈત્ર સુદ–૯ સોમવાર | ૨૬–૩–૧૮ | ૫૦,૦૦૦/– | શ્રીમતી કાંતાબહેન રામદાસ પરીખ પાટણ હસ્તે : તરલાબહેન જીતેન્દ્રભાઈ પરીખ |

**– રમેન્દ્ર જે. પરીખ,**
**પ્રમુખ,**
**શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ**

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

## જય શ્રી રામ

## શ્રી હનુમાન જયંતી પ્રસંગે - સર્વે જ્ઞાતીજનોને આમંત્રણ

ઐતીહાસીક, સ્વયંભુ શ્રી ઠેસીયા હનુમાનદાદાની જન્મ જયંતી પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને મહા આરતી અને ધ્વજા આરોહણ પ્રસંગે દર્શન કરવા તેમજ ટોકરશાની પોળની યાદો તાજી કરવા પધારવા નમ્ર વિનંતી.

પ્રસાદ તેમજ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

તારીખ : ૩૧-૦૩-૨૦૧૮, શનિવાર

સમય : સાંજે ૫.૩૦ કલાકે

સ્થળ : ટોકરશાની પોળ, ગાયકવાળ હવેલી સામે, રાયખડ, અમદાવાદ.

શ્રી સુહાસભાઈ શાહ
ટ્રસ્ટી

શ્રી અશોકભાઈ જોષી
ટ્રસ્ટી

## વાયુદેવતાજી મંદિર ભેટ - અમદાવાદ

૨૦૦૦-૦૦/- સ્વ. રક્ષાબહેન હરીશભાઈ શાહ તરફથી ૫-૨-૧૮ના રોજ હવનમાં ફુલહાર માટે

૫૦૦-૦૦/- ધીરેનભાઈ કે. પરીખ તરફથી ઘીના દીવા માટે

**- નાનુભાઈ**

### શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

### ભાદરવા સુદ-૬ તથા મહાવદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ

આથી સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે મહાવદ-૫ ના મહાપ્રસાદ માટે બીજા દાતાઓ ઉપરાંત શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ તરફથી તથા ભાદરવા સુદ-૬ના મહાપ્રસાદ માટે બહેન પ્રભાલક્ષ્મી મોહનલાલ પરીખ ટ્રસ્ટ તરફથી પણ સહયોગ પ્રાપ્ત થયેલ છે.

**-રમેન્દ્ર જે. પરીખ**
**પ્રમુખ**

સ્વ. દિપક વ્રજલાલ શાહ પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

## અનુકરણીય - આભાર

રમણલાલ કાળીદાસ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન તથા મેનેજીંગ ટ્રસ્ટી તરફથી શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટને વાયડામિત્રસંબંધી વિવિધ પ્રવૃત્તિઓ માટે પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન પ્રતિવર્ષ રૂા. ૨૦,૦૦૦/– પ્રમાણે કુલ રૂા. ૧,૦૦,૦૦૦/– નું દાન આપવાની જાહેરાત કરી હતી. તે પેટે રૂા. ૨૦,૦૦૦/– નો ચેક ચોથા વર્ષ માટે પણ મોકલી આપેલ છે. આ રકમ સાથે તેમનું કુલ દાન રૂા. ૮૦,૦૦૦/– થયું છે.

આ રકમમાંથી સૌ પ્રથમ જ્ઞાતિની તેજસ્વી વ્યક્તિઓના સન્માન કાર્યક્રમને લગતો ખર્ચ કર્યા બાદ વધેલી રકમ ટ્રસ્ટ અને વાયડામિત્રના અન્ય કાર્યક્રમો માટે વપરાશે. શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ તથા વાયડામિત્ર આ મળેલ દાનનો આભારપૂર્વક સ્વીકાર કરે છે.

**– ધીરેન પરીખ, ઉપપ્રમુખ**
**વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

## શ્રી વાયડ માતાજીનો પગપાળા સંઘ

ચાલુ સાલે પણ પગપાળા(ચાલતા) સંઘનું આયોજન કરેલ છે. તા.૨૨–૦૩–૨૦૧૮ ગુરૂવાર ચૈત્ર સુદ પાંચમના રોજ પાટણના મુખ્ય બજારમાં પીપળા શેરીના નાકેથી સવારે ૪.૩૦ કલાકે સંઘ પ્રસ્થાન કરશે અને બપોરે લગભગ ૧૧.૩૦ કલાકે વાયડ પહોંચશે. જે ભાઈ–બહેનોને આ સંઘમાં જોડાવવાની ઈચ્છા હોય તેમણે પોતાનાં નામ, ઉંમર અને મોબાઈલ નંબર સાથે તા.૧૨–૦૩–૨૦૧૮ થી તા. ૨૦–૦૩–૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે સાંજે ૬–૦૦ થી ૮.૩૦ વાગ્યા સુધીમાં નોંધાવી જવા વિનંતી. તા.૨૧–૦૩–૨૦૧૮ને બુધવારે પાટણ આવતા યાત્રીઓ માટે યમુના વાડીમાં ઉતરવાની સગવડ કરી છે.

**– અશોકભાઈ રસિકલાલ પરીખ**
**અશોક રેડિઓ ઈલેક્ટ્રોનીક્સ,**
**ત્રણ દરવાજા પાસે બજાર, પાટણ–૩૮૪૨૬૫,**
**મો.: ૯૯૭૯૨૯૮૭૬૧, ૯૮૯૮૯૬૧૦૮૮.**

અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ - હવન

સહર્ષ જણાવવાનું કે આ વર્ષે ચૈત્ર સુદ ૬નો માતાજીનો હવન તા. ૨૩ માર્ચ, ૨૦૧૮, શુક્રવારનાં રોજ રાખવામાં આવેલ છે.

હવનનું સ્થળ : શ્રી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, પહેલો માળ, આર. આર. ટી રોડ, શાક માર્કેટ રોડ, મુલુંડ (વે.) મુંબઈ.

શ્રીફળ હોમવાનો સમય : સાંજે ૬-૩૦ કલાકે

આ પ્રસંગે હાજર રહી દર્શન તથા પ્રસાદીનો લાભ લેવા સર્વે જ્ઞાતિજનોને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

– નિલેશ શાહ
મંત્રી

## શ્રી કચ્છી વાયડા જ્ઞાતિ કેળવણી ફંડ - ભુજ-કચ્છ

નવેમ્બર મહિનામાં ભુજ-કચ્છ ખાતે થયેલ લગ્ન પ્રસંગે નીચે જણાવેલ ભાઈ-બહેન તરફથી એમના પુત્ર-પુત્રીના લગ્ન પ્રસંગે નીમીત્તે શ્રી કચ્છી વાયડા જ્ઞાતિ કેળવણી ફંડને મળેલ ભેટની વિગત.

૧. શ્રી નરેન્દ્ર કરસનદાસ શાહ તરફથી એમના સુપુત્ર ચિ. નિરવના લગ્ન નીમીત્તે રૂા. ૫૦૦૧/-

૨. શ્રીમતી નીતાબેન નયનકુમાર શાહ તરફથી એમની સુપુત્રી ચિ.ધ્વનિના લગ્ન નીમીત્તે રૂા. ૨૫૦૧/-

૩. શ્રી ચંદુલાલ જમનાદાસ શાહ તરફથી ચિ. ધ્વનીના લગ્ન નીમીત્તે રૂા. ૨૦૦૦/-

કેળવણી ફંડ ઉપરોક્ત ભાઈ-બહેનનો હૃદયપૂર્વક આભાર માને છે અને આશા રાખે છે કે જ્ઞાતિ ભાઈઓ આજ રીતે એમની ખુશાલી પ્રસંગે ફંડની ભેટ આપી મદદ કરતા રહેશે.

**– પ્રાણજીવન કે. શાહ**
**મેનેજીંગ ટ્રસ્ટી**

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયડા વણિક મહિલા મંડળ - ભરૂચ

### પ્રોગ્રામ – ૫

તા.૧૨–૦૧–૨૦૧૮ના રોજ તમન્નાબેન ચોક્સીના ઘરે ડૉ. તન્વીબેન દલાલનો પ્રોગ્રામ રાખવમાં આવ્યો હતો. Osteoporosis તથા Monopoz દરમ્યાન થતી તકલીફો તથા Calcium ની ઉણપથી થતા રોગો વિશે ડૉ. તન્વીબેન દલાલે જાણકારી આપી તથા ત્યાર પછી હાજર રહેલ બહેનોને રૂા.૧૦૦/– માં બ્લડ ટેસ્ટ આપવામાં આવ્યા જેમ કે Sugar, B 12, Thyroid, Calcoum વગેરે.

ડૉ. તન્વીબેન તરફથી હાજર રહેલ સભ્ય બહેનોને રૂા.૧૦૦૦/–નું ફ્રી વાઉચર આપવામાં આવ્યું.

ડૉ. ચિરાગ દલાલ તથા ડૉ. તન્વીબેન દલાલની દેખરેખ હેઠળ જ્ઞાતિની બહેનો માટે ત્રણ મહિનાનું ફ્રી યોગા Session નું આયોજન કરવામાં આવેલ છે.

અંતમાં મહિલા મંડળ તરફથી સાબુદાણાની ખીચડીનો નાસ્તો કરી બધા છુટા પડ્યા.

**નીપા શાહ** — **પ્રમુખ**

**જ્યોતિ દલાલ** — **સેક્રેટરી**

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ

### હવન (અમદાવાદ)

સંવત ૨૦૭૩ ચૈત્ર સુદ–૬ ને રવિવાર, તા. ૨૩–૩–૧૮
શ્રીફળ હોમવાનો સમય : સાંજના ૬–૦૦ કલાકે
સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર, અમદાવાદ
ટે.નં.: ૨૬૬૩૦૫૭૧

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો માટે હવન કરવા બેસવાની તથા ધજાજુ ચઢાવવાની ઉછામણી તા. ૧૮–૩–૨૦૧૮ને રવિવારે ઉપર્યુક્ત સ્થળે સવારના ૧૧–૦૦ કલાકે રાખી છે. સૌને ભાગ લેવા વિનંતી.

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને દર્શનાર્થે પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**રૂપેશ એચ. શાહ, મંત્રી** — **સ્મિત કે. શાહ, સહમંત્રી**

**રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

| તા. ૧-૧-૨૦૧૮ થી તા. ૨૮-૨-૨૦૧૮ સુધી મળેલ રકમની યાદી | | | | |
|---|---|---|---|---|
| પહોંચ નં. | રકમ રૂા. | નામ | ગામ | વિગત |
| ૬૪૫ | ૨૦૦ | શ્રી વ્રજેશભાઈ પરીખ | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૪૬ | ૩૦૦ | શ્રી શૈલીનભાઈ નલીનભાઈ શાહ | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૪૭ | ૧૦૦૦ | લક્ષ પોલીમર્સ | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૪૮ | ૫૦૦ | નાગદેવી ટુલ્સ | મુંબઈ | દિ. જાXખ |
| ૬૪૯ | ૨૦૦૦ | દ્રુપદ સીક્યુરીટીઝ | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૫૦ | ૧૮૦૦ | શ્રી નિલેશભાઈ અરવિંદભાઈ શાહ | અમદાવાદ | પે. જાXખ |
| ૬૫૧ | ૨૦૦૦ | એ. બી. બ્રધર્સ | મુંબઈ | દિ. જાXખ |
| ૬૫૨ | ૫૦૦ | શ્રી દીપકભાઈ મહેન્દ્રભાઈ શાહ | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૫૩ | ૧૮૦૦ | સુયોગ ઈલેક્ટ્રીકલ્સ | વડોદરા | પે. જાXખ |
| ૬૫૪ | ૧૦૦૦ | શ્રી અશોકભાઈ આર. પરીખ | પાટણ | દિ. જાXખ |
| ૬૫૫ | ૫૦૦ | શ્રી મહેશભાઈ કુંવરજી શાહ | | દિ. જાXખ |
| ૬૫૬ | ૧૦૦ | શૈલા ઉદય ચોક્સી | | જાXખ |
| ૬૫૭ | ૨૦૦ | શ્રી મુકેશભાઈ શશીકાંતભાઈ ચોક્સી | | દિ. જાXખ |
| ૬૫૮ | ૩૦૦ | શ્રી સમીરભાઈ પી. મોદી | વડોદરા | જાXખ |
| ૬૫૯ | ૧૦૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ ચંપકલાલ શાહ | મુંબઈ | દિ. જાXખ |
| ૬૬૦ | ૫૦૦ | શ્રી ચીનુભાઈ આર. શાહ | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૬૧ | ૫૦૦ | શ્રી ઈંદુભાઈ શાહ પરિવાર | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૬૨ | ૩૦૦ | શ્રી મનીષભાઈ હેમરાજભાઈ વેલજી શાહ | મુંબઈ | જાXખ |
| ૬૬૩ | ૧૦૦૦ | શ્રી બંકીમભાઈ ચંદુલાલ શાહ | અમદાવાદ | દિ. જાXખ |
| ૬૬૪ | ૬૦૦ | શ્રી ચંદુલાલ મગનલાલ શાહ પરિવાર | અમદાવાદ | પે. જાXખ |
| ૬૬૫ | ૬૦૦ | શ્રી બંકીમભાઈ ચંદુલાલ શાહ | અમદાવાદ | પે. જાXખ |
| ૬૬૬ | ૧૦૦૧ | શ્રી કીર્તિભાઈ શાંતીલાલ શાહ | થાણે | ભેટ |

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ગં સ્વ. સરસ્વતીબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

| તા. ૧-૧-૨૦૧૮ થી તા. ૨૮-૨-૨૦૧૮ સુધી મળેલ રકમની યાદી | | | | |
|---|---|---|---|---|
| ૬૬૭ | ૩૦૦ | શ્રી પ્રફુલભાઈ ટી. શાહ | ભૂજ | જાXખ |
| ૬૬૮ | ૨૦૦૦ | નિખિલ એન્ટરપ્રાઈઝ | પૂણે | દિ. જાXખ |
| ૬૬૯ | ૬૦૦ | શ્રી આર. વી. જવેલર્સ | ભરૂચ | પે. જાXખ |
| ૬૭૦ | ૬૦૦ | શ્રી પ્રફુલભાઈ ગાંધી | મુંબઈ | પે. જાXખ |
| ૬૭૧ | ૬૦૦ | શ્રી પ્રફુલભાઈ ગાંધી | મુંબઈ | પે. જાXખ |
| ૬૭૨ | ૬૦૦ | શ્રી ગૌતમભાઈ જે. શાહ | અમદાવાદ | પે. જાXખ |

## પેનલ જાહેરખબર અંગે

(૧) પેનલ જાXખ માટેનું વર્ષ એપ્રિલથી માર્ચ સુધીનું હોઈ એપ્રિલ ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯ માટે પેનલ જાXખ માં સુધારો કરવાનો હોય, પેનલ જાXખ નવિન આપવાની હોય અગર સંજોગોવશાત રદ કરવાની હોય તો તુરત જાણ કરવા વિનંતી છે.

(૨) અન્યથા અગાઉની જેમ છાપીશું.

(૩) પેનલ જાXખનો વાર્ષિક દર રૂા. ૬૦૦/- છે.

(૪) અગાઉનાં વર્ષનાં બીલની રકમ બાકી હોય તો સત્વરે મોકલી આપવા વિનંતી છે.

-નિશીથ એ. પરીખ (વ્યવસ્થાપક)

## અભિનંદન

શ્રી ચંદ્રકાન્ત બી. શાહના માર્ગદર્શન નીચે “Geopolymer concrele” પર તૈયાર કરેલી Thesis CEPT University એ Ph.D. પદ્વી માટે સ્વીકારી છે. આ કોન્ક્રીટ સીમેન્ટના ઉપયોગ વિના તૈયાર થાય છે. શ્રી ચંદ્રકાન્ત શાહ હાલમાં Professor Emeritus તરીકે CEPT University માં કાર્યરત છે.

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ

શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિજનોને ધુળેટી નિમિત્તે યોજેલ ઉજાણી તથા સામાન્ય સભામાં હાજર રહેવા હાર્દિક નિમંત્રણ છે.

તા.૧૮-૩-૨૦૧૮, રવિવાર, સમય : ૬.૩૦ વાગે.

**- રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

સ્વ. ભગવાનદાસ નારણદાસ શાહ (મુંબઈ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડીવાળા) પરીવારના જય શ્રી કૃષ્ણ

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર-સંપાદક** : દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડન્સી, બિનોરી સોલીટેર પાસે, 'સોબો' સેન્ટરની પાછળ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

(M) 98791 10027 (R) 02717-401364, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહિ મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજ માં પોતાનું હાલનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## લગ્ન

**વડોદરા** : શ્રી ઉમેશભાઈ રમણલાલ પરીખની સુપુત્રી ચિ.નિધિનાં શુભ લગ્ન વડોદરાનિવાસી દશા લાડ વણિક જ્ઞાતિનાં શ્રી તુષારભાઈ હિરાલાલ પરીખનાં સુપુત્ર ચિ. કુનાલ સાથે તા.૫-૨-૨૦૧૮નાં રોજ.

**ગાંધીધામ** : શ્રી કિર્તીભાઈ શાંતિલાલ શાહની સુપુત્રી ચિ.દેવાંશીનાં શુભ લગ્ન ભુજનિવાસી શ્રી પ્રફુલભાઈ ભગવાનદાસ શાહનાં સુપુત્ર ચિ.પ્રણવકુમાર સાથે તા.૧૧-૨-૧૮નાં રોજ. આ પ્રસંગે વાયડામિત્રને રૂા.૧૦૦૧/- ભેટ મળેલ છે.

**અમદાવાદ** : મૂળ પાટણના હાલ અમદાવાદ નિવાસી શ્રી કંદર્પ વિનોદચંદ્ર પરીખની સુપુત્રી ચિ. ઋત્વાનાં શુભલગ્ન અમદાવાદ નિવાસી શ્રી સંજયભાઈ સુરોત્તમભાઈ પાદશાહનાં સુપુત્ર ચિ. ભુમિશ (સી.એ.) સાથે તા.૧૯-૦૨-૧૮નાં રોજ. આ પ્રસંગે વાયડામિત્ર અને શ્રી સમીરી વણિક સમાજને રૂા. ૫૦૧/- ભેટ મળેલ છે.

## અવસાન

**અમદાવાદ** : મંજુલાબેન ગોવિંદલાલ પરીખ ઉં. વર્ષ-૭૬ તા.૧૮-૨-૧૮ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**વડોદરા** : શ્રી વિજયકુમાર રજનીકાંત શાહ ઉ. વર્ષ-૭૦ (મૂળવતન-દેત્રોજ) તા.૦૮-૦૨-૧૮ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. કૌશિક મનહરલાલ ઝવેરી**

**જન્મ : ૩૧-૦૭-૧૯૪૦** **શ્રીજી ચરણ : ૨૫-૦૧-૨૦૧૮**

**દત્તા કૌશિક ઝવેરી (પત્ની)**

**રૂપા અજય મહેતા (પુત્રી)**
**અજય દિનેશભાઈ મહેતા (જમાઈ)**

**મેહા નૈમેષ શાહ (પુત્રી)**
**નૈમેષ દિનેશભાઈ શાહ (જમાઈ)**

**રહેઠાણ : ૪૭, ભૃગુપુર સોસાયટી, કસક, ભરૂચ - ૩૯૨૦૦૧**

**ફોન : (૦૨૬૪૨) ૨૨૯૮૯૮, મો.: ૯૮૨૫૦૫૫૩૦૩**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# "માતૃજંલિ"

★★★



**સ્વ. વનિતાબેન પ્રાગજીભાઈ શાહ**

**શ્રીજી ચરણ : ૨૩-૦૩-૧૯૬૬, ચૈત્રચંદ્ર, બુધવાર**

શ્વસે વંદના ! શ્વસે વંદના ! પ્રતિ... પ્રતિ શ્વસે વંદના
તારી યાદ માં શીશ નમાવી શ્રધ્ધાના અંત્યબિંદુ સુધી વંદના

'માં' તારો 'પ્રેમ' છે અમ સોની યાદમાં
અણસારો છે તારો પરિવાર ના 'સ્નેહ'માં
'શ્રધ્ધા' ના પૂંજ થઈ શોધીશું વિશ્વમાં
પણ તું તો વસે છે અમ સૌના 'હૃદય'માં

પ્રેમ – સ્નેહ – શ્રધ્ધા અને હૃદય એટલે
તારો પરિવાર

**પ્રાગજી પરસોત્તમ શાહ પરિવાર**
**ઠાકરશી જેઠાલાલ શાહ પરિવાર**

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

ગો. ચંદનબહેન ગો સરોજબહેનનાં સર્વેને જય શ્રી કૃષ્ણ – હ. કેતનભાઈ

# પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે

★★★

## સ્મરણાંજલિ



**સ્વ. શ્રી હેમરાજ વેલજી શાહ**

**જન્મ : ૩૧-૦૩-૧૯૩૬** **શ્રીજી ચરણ : ૦૨-૦૩-૨૦૧૭**

**પરમકૃપાળુ પરમાત્મા**

**આપના પવિત્ર આત્માને**

**પરમશાંતિ અર્પે**

**એજ અભ્યર્થના**

**વેલજી ભીમજી પરિવાર**

**જય શ્રી કૃષ્ણ**

સ્વ. સુશીલાબહેન અને સ્વ. વ્રજરત્નદાસ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. રાધિકા પરીખ

★★★

# શ્રી વાયડા વણિક શિક્ષણોત્તેજક સહકારી સોસાયટી લિમિટેડ, અમદાવાદ





Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

## RJP Infrastructure Pvt. Ltd.
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

## J.J. Parikh & Brothers
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

## J. Bipinchandra & Co.
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

## J. J. Parikh Pharma Pvt. Ltd.
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

## Late Shri Jashubhai J. Parikh - Adv.
## Mrugesh J. Parikh – Advocate
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

## JARUN
## Pharmaceuticals Pvt. Ltd.
Pharmaceutical Company
Since 2007
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai – Kokilaben Parikh
Harshul – Alpa , Mrugesh - Ratna
Bhrita, Darsh, Parita, Darshil
Bakul – Nita Dalal
Meera – David Burns
Chinmay

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Regi. under RNI No. 6316/57. Permitted to post Ahmedabad PSO on 10th of every month under postal Regd. No.MEH Dn.-296 issued by Asstt. Director Postal Services, O/o Chief Postmaster General, Gujarat Circle, Ahmedabad-380001, Valid upto 31-12-2018 પ્રકાશન ૧૦-૦૩-૨૦૧૮




## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,**
**અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**

If undelivered please return to: **SHRENIK PARIKH**, B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH